## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

‘ફેબ્રુઆરી ૨૦[illegible]’

## સંસ્કારનાં અજવાળાં

બાલ-માનસ એ અરીસા જેવું છે. એના પર તમારા સદ્ કે અસદ્ વિચાર, વાણી, વર્તનનું પ્રતિબિંબ પડયાં વિના રહેતું નથી માટે બાળકોના હિત ખાતર પણ માતા-પિતાએ સુધરવું જોઈએ. જયાં સુધી તમારા હૃદયમાં, જીવનમાં, વ્યવહારમાં સંસ્કાર વ્યાપક બનશે નહીં, ત્યાં સુધી તમારા કુમળા બાળકોમાં સુસંસ્કાર આવી શકશે નહીં-સંતાનને સુધારવા ઈચ્છતા માનવીએ જાતને સુધારવી જોઈએ.

*જીંદગીનો પાયો બાળપણ છે,*

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ અને

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

# સહર્ષ ઉજવે છે


## ૭૫ વર્ષનો તથા ૨૫ વર્ષનો

## ઉજવણી પર્વ

**(અતિથી વિશેષ :-** ડૉ. એચ.જી. દેસાઈ) ★ગેસ્ટો એન્ટ્રોલોજીસ્ટ

તા. ૨૨-૨-૦૪ રવિવાર સવારે ૯-૦૦ કલાકે

બીરલા માતૃશ્રી સભાગૃહ, મરીનલાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૦૨



## :- મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા -:



**આ દિવસે સ્મરણીકાનું વિમોચન, મંડળના અત્યાર સુધી થઈ ગયેલા અને હયાત પ્રેસીન્ડન્ટોનું બહુમાન, ટ્રસ્ટના હયાત સુપીન્ટેન્ડરોનું બહુમાન તથા મેમ્બરો માટે જમણવાર**

**જમણવાર :** ૧૨-૩૦ કલાકથી સુદંરાબાઈ હોલ, મરીનલાઈન્સ ખાતે જમણવારમાં આવનાર વ્યક્તિએ રૂા.૧૦૦/- અંકે રૂપિયા એકસો નીચેના કોઈપણ સ્થળે ભરવાના રહેશે.

**૧) શ્રી વાડાસિનોર દ.ન.મં. મેડીકલ ટ્રસ્ટ કાર્યાલય**
**મહેતા હાઉસ, ભારતી વિદ્યાભવનની સામે, ચોપાટી, મુંબઈ-૦૭ (સમય દરમ્યાન)**

**૨) શ્રી યોગેશ આર. ધારીયા**
**ક્રીસ્ટન્ટ ઈલેકટ્રીકલ્સ, બોટાવાલા બીલ્ડીંગ, ૪૭૫ કાલબાદેવી રોડ, મુંબઈ-૦૨**

**૩) શ્રી સુરેન્દ્ર આર. મોદી**
**સુરેન્દ્ર ટ્રેડીંગ કંપની, ૧૨૯, નારાયણ, ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ-૦૩**

| | |
|---|---|
| શ્રી રસીકલાલ આર. કડકીઆ | (પ્રમુખ) |
| શ્રી મોહન પરીખ | કન્વીનર સોવેનીયર સમિતિ |
| શ્રી રજનીકાંત કે. કડકીઆ(ધરીવાળા) | કન્વીનર ભંડોળ સમિતિ |
| શ્રી રજનીકાંત કે. કડકીઆ (લટકારી) | કન્વીનર વહીવટી સમિતિ |
| શ્રી જતીન ન. દેસાઈ | (મંત્રી) |
| શ્રી યોગેશ આર. ધારીઆ | (મંત્રી) સંયોજક પ્રોગ્રામ સમિતિ |

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૬ | ૧૧ | ૧૪-૨-૨૦૦૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# "ચલો ઘૂમવા જઈએ- નિગ્રોના પ્રદેશમાં !"

***ભગેશ ચં. કડકિયા***

**ભગેશકાક જયારે કોઈપણ દેશના પ્રવાસે જોડાય ત્યારે સૌને આશ્વાસન રહે કે જો કદાચ કંઈક જોવાનું રહી જશે તો જયોતિપુંજમાં વાંચી લઈશું સાથે પ્રવાસીને પણ પોતાના પ્રવાસની જોવા જાણવાની રહી ગયેલી વાતો અને અન્ય વાચકોને નવા પ્રદેશની સેર કરાવતી આ લેખમાળા જરૂરથી ગમશે એવી આશા છે.** ❑ *તંત્રી*

(શ્રી બા. સાંસ્કૃતિક મંડળના નેજા હેઠળ શ્રી કમ્ફર્ટ હૉલિડેની સહારે)

''થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાંને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળોને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં...''

આફ્રીકાના કાળી પ્રજાના નૈસર્ગિક જીવનને તથા પ્રકૃતિનાબાળ સમી ત્યાંની પ્રાણીસૃષ્ટિને નિહાળવાનો નિર્ણય લીધો ત્યારે મારાં મનમાં કવિ જયંત પાઠકની આ કાવ્ય-પંક્તિઓ સહજ ગૂંજવા લાગી. રોજિંદા જીવનની ઘટમાળને અતિક્રમીને, કુદરતના ખોળે રમવા આમંત્રણ આપતો, સાહસિક છતાં આનંદ બક્ષતો પ્રત્યેક પ્રવાસ, સહૃદયી યાત્રિકમાં, સંવેદના જગાડતો હોય છે, તેના તન-મનમાં મીઠી મુંઝવણ પેદા કરી અનેરો અનુભવ કરાવતો હોય છે. તેમાંયે તેમની લોક-સંસ્કૃતિ અને આગવી લલીતકળાઓને પ્રત્યક્ષ માણવાનો મ્હોકો મળતો હોઈ, અમારા જેવા પ્રવાસીમાં

જબરું આકર્ષણ પેદા કરે છે. પરિણામે જયારે શ્રી બા. સાંસ્કૃતિક મંડળના નેજા હેઠળ, શ્રી મહાસુખભાઈએ, વીસ દિવસનો એક પ્રવાસ-પૂર્વ આફ્રીકાના, કેન્યા, દ.આફ્રીકા તથા સોનેરી નગરી દુબાઈના આયોજિત કર્યો ત્યારે મેં પણ મારું નામ નોંધાવ્યું. આમાંયે એક જ ગામની પરસ્પરનો પરિચય ધરાવતી ૯૦ વ્યક્તિઓ એકત્રિત થઈ કોઈ પ્રવાસ ગોઠવે ત્યારે તેમાંઆત્મિયતા સાથે સહજીવનની મ્હેક પણ ભળતી હોય છે, જે જીવનનું કાયમી સંભારણું બની રહે છે.

આ પ્રવાસના પ્રારંભે, આફ્રીકા ખંડના નામ સાથે, બચપણમાં સાંભળેલી એક પંક્તિ નજર સમક્ષ આવી ગઈ ''કેવી ગજબની વાત છે...'' આ હબસી પ્રજાના ખમીર અને ભવ્ય પુરુષાર્થની ગાથા જેમ જેમ સાંભળતા જશું તેમ આ ઉક્તિ આપણને સાર્થક થતી જણાશે. વર્ષોથી ગોરી પ્રજાઓના શોષણથી પીડાતી, અભણ અને દારૂણ ગરીબાઈમાં સબડતી તથા અસીમ બળાત્કારો અને ગુલામોની જેમ ધિક્કરથી ત્રાસેલી, આધુનિક સંસ્કૃતિની દૃષ્ટિએ પછાત ગણાતી આ આફ્રીકાની કાળી પ્રજા, જે અનેક જાતિઓ અને કબીલાઓમાં ચોમેર પથરાયેલી હતી, તે જાગૃતિની ઉષાઃકાળે યોગ્ય નેતાગણ પ્રાપ્ત થતાં, અજ્ઞાનતા અને ગરિબાઈના અંધકારભર્યાં વાદળોને વિખેરી, ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં, સ્વબળે, સફાળી જાગીઃ અને ગુલામીની જંજીરોને તોડીને એક પછી એક આફ્રીકન રાજયમાં સ્વતંત્રતાનો સૂરજ ઊગતો દેખાડયો. આમ સ્વતંત્ર સંગ્રામની ચળવળે સફળતાના સોપાન સર કરી, સમગ્ર આફ્રીકા ખંડને ઘોર અંધકારભર્યાં યુગમાંથી સુવર્ણયુગમાં પલટી નાખ્યો. તેના આ સત્યાગ્રહમાં અનેકે જેલયાત્રાઓ ભોગવી, રાષ્ટ્ર પ્રેમ ખાતર પોતાની યુવાની દેશકાજે અર્પી તથા ઘણાંયે દેશવીરોના તેમાં બલિદાનો પણ લેવાયાં. આ આખો જીવંત ઈતિહાસ, એક ઝલક રૂપે, આપણે બીજા હપ્તામાં જોશું અને સ્વતંત્રતાની દેવીને નત મસ્તક પ્રણામ કરશું.''

સમગ્ર આફ્રીકા ખંડમાં પચ્ચીસથી આધિક રાષ્ટ્રો આવેલાં છે, જે સ્વાધીનતા પ્રાપ્ત કર્યા બાદ, યુનોમાં સભ્ય બની, ત્રીજા વિશ્વ-સંગઠનની મજબૂત સાંકળ બન્યા છે. તેમાંયે સંદેશ-માધ્યમના ક્ષેત્રે, અલ્જિરિયા, સોમાલિયા, યુગાન્ડા (ઈદિ અમીન), સેનેગલ, સુદાન, એંગોલા, ઝાંબિયા, તાન્ઝાનિયા, મોઝાંબિક, ઈથોપિયા, ગિયાના, કેન્યા અને દ.આફ્રીકા જેવા અનેક દેશો, એક યા બીજા કારણસર, અવરનવર ચમકતાં રહયાં છે. વિષુવૃત્તની રેખા આફ્રીકા ખંડને છેદીને મધ્યમાંથી પસાર થતી હોઈ અહીંની અતિશય ગરમીના કારણે રંગે કાળી બનેલી આ વિધવિધ પ્રજા પોતાની સંસ્કૃતિ, આગવી રહેણી કરણી તથા અલગ ભાષાને રાષ્ટ્રિયતા દ્વારા નોખો વિકાસસાધી રહી છે અને પ્રત્યેકનો ઈતિહાસ પણ અલાયદો છે. સમસ્ત હબસી પ્રજા માટે, માઈલોમાં વિસ્તરેલી ગંગાસમી નદી નાઈલ, માતાની ગરજ સારે છે અને તેમનું સહરાનું અફાટ રણ તો જગવિખ્યાતછે. આ ભાતિગલ રાષ્ટ્રોને જોતાં, આપણને સહજ ભારતના અલગ રાજયો તેમની ભાષા, પહેરવેશને સાંસ્કૃતિક વારસો તથા આગવી રહેલી કરણી ધ્યાનમાં આવી જાય ફરક માત્ર અહીંના અખંડ રાષ્ટ્રના સ્થાને ત્યાં જુદા જુદા દેશોમાં વ્હેચાયેલો  છે. બાકી અહીંની જેમ આપસની લડાઈઓને વેરઝેર સદીઓથી થતાં આવ્યા છે, એમ તેમનો ભૂતકાળ બતાવે છે આ દશામાં પણ સ્વતંત્રતાનું રર્ણાશ ગુ. રણશીંગુ ફુંકાતા, ગોરા લોકાના શાસન સામે લડત ચલાવવા અને ગુલામીની શૃંખલા તોડવાનો પ્રસંગ આવ્યો ત્યારે સ્વતંત્રતા સમાનતાના ધ્યેય સાથે આંદોલન કરવા સૌ જોડાયા અને વહેલો-મોડો સૌએ સ્વરાજયનો ઝંડો ફરકાવ્યો. આ સુવર્ણ ઈતિહાસ પર આમ એક દૃષ્ટિપાત કરી, હવે અને આફ્રીકાના જે બે રાષ્ટ્રોનો પ્રવાસ ખેડયો, તેની વિગતે ઊંડા ઉતરશું અને અમારા

આનંદ સાથે તમને, અમારા પ્રિય વાચકોને, સહભાગી બનાવશું.

૬ નવેમ્બર, ૨૦૦૩ના રોજ અને આ પ્રવાસનો આરંભ કર્યો. મુંબઈ-સહાર એરપોર્ટથી, કેન્યા એરવેઝ દ્વારા, દુબાઈ થઈને અમે સાડા પાંચ કલાકે, કેન્યાની રાજધાની, નૈરોબીમાં આવ્યા. પ્રારંભમાં પ્રથમ ગ્રાસે મક્ષિકાની માફક, સવારે ચાર વાગે સહાર એરપોર્ટ પર આવવાના બદલે આગલી રાત્રે બાર વાગે, વિમાનનું કદ નાનું છે તેની જાણ થતાં, સલામતિના કારણે, આવવાનું બન્યું. આમ સૌની આંખમાં ઊંઘ અને થાક વર્તાય એ સ્વાભાવિક હતું. પણ આ સમય સૂચકતાના દાખવી હોત તો સૌને એક જ વિમાનમાં સાથે જવાનો મોકો પ્રાપ્ત ના થયો હોત.

કેન્યાના ‘વાઈલ્ડ લાઈફ સફારી’ વિશ્વભરમાં અજોડ છે. પરિણામે જગતના બધાં દેશોના સાહસ યાત્રીઓ અહીં અરણ્યોમાં જીપ ગાડીમાં ઘૂમતાં ને કેમેરાની ચાંપ દાબતા નજરે પડયા. વાસ્તવમાં, કેન્યાની આર્થિક મજબૂતાઈ આ વિશ્વ પ્રવાસીઓને આભારી છે, જે તેમને અઢળક હુંડિયામણ કમાવી આપે છે. આ કેન્યા રાજયને વિષુવૃત્તની રેખા છેદે છે; પરિણામે આપણા દેશો કરતાં અહીંની મોસમ અલગ પડે છે. આપણે ત્યાં શિયાળો હોય ત્યારે અહીં ગરમી હોય અને આપણી ગ્રિષ્મ ઋતુ વેળા ત્યાં ઠંડી શરૂ થાય. આપણી અને તેમની વચ્ચે સમયની દૃષ્ટિએ સાડા ત્રણ કલાકનો ફરક પડે, તે ત્યાં નૈરોલી એરપોર્ટ પર ઉતરતા સૌએ જોયું. કેન્યાનો કુલ વિસ્તાર સવા બે લાખ ચોરસ માઈલનો ગણાય અને દેશની અંદાજે વસ્તી બે કરોડની કહી શકાય. ભૌગોલિક રીતે કેન્યા ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છેઃ (૧) દરિયા કિનારાનો પ્રદેશ (૨) સપાટ મેદાનો અને (૩) પહાડી-ડુંગરાળ પ્રદેશ. દરિયા કાઠે ચળકતી રેતીના અનેક બીચો, નિસર્ગના ખોળે આવેલાં શાંત-સુંદર સરોવરો (લાગુન-અહીંની ભાષામાં) અને નારિયેળીના ઝૂંડ નજરે પડે છે. સપાટ મેદાનો રાજયોને પોણો ભાગ રોકે છે અને પ્રમાણમાં સૂકી-ઠંડી આબોહવા ધરાવે છે. એમાંયે દેશની ઉત્તર-પશ્ચિમનો સપાટ પ્રદેશ તો અર્ધ-રણ સમાન છે, જયાં માંડ વાર્ષિક ૧૦ ‘‘વરસાદ થતો હશે. ત્યાંનો સૌથી સમૃદ્ધિ અને સુખી વિસ્તાર હોય તો તે ડુંગરાળ પ્રદેશ, જે રાજયના દક્ષિણ-પશ્ચિમમાં પથરાયેલો છે અને વિસ્તારમાં ૧/૪ ભાગ રોકીને બેઠો છે. સમુદ્રની સપાટીએથી આ પ્રદેશ ૩,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની ઊંચાઈ પર આવેલો છે, તેમાંયે માઉન્ટ કેન્યા સૌમાં શિરોમણી ગણાય. અહીં ૪૦ ’’ જેટલો સરેરાશ વરસાદ છે અને ઠંડીની મોસમ મજબૂત છે. પરિણામે ચોપાસે હરિયાળીને કુદરતની મહેર નજરે પડે છે. આવી સુંદર આબોહવા અને સમૃદ્ધિના કારણે, દેશની ૮૦ ટકા વસ્તી અહીં આવીને વસી છે. અહીંની મુખ્ય બે નદીઓ ‘આથી’ તથા ‘તના’, જે એકંદરે છીછરી પણ ધસમસતી છે. ‘ગ્રેટ રીફ્ટ વેલી’ આ કેન્યાનો પ્રખ્યાત

ગણાય, જે પશ્ચિમનો અડધો ભાગ રોકીને બેઠો છે. અહીં ચોમેર જંગલી પ્રાણીઓના અભયારણ્યો ફેલાયાં છે; તેમાંયે BIG FIVE-સિંહ, હાથી, ચિત્તો, જિબ્રાને જિરાફની બોલબાલ સવિશેષ ગણાય. તેઓ જૂથમાં ચોપાસે ઘુમતાં હોય અને આપણે કેદીની માફક બંધ જીવ ગાડીમાં બંધાયેલા ! તેમની સ્વતંત્રતા કે સ્વૈર વિહારને આપણે રોકીના શકીએ અને તેમાં જ તેમનું અસલિયતપણું જોવા મળે. આ સિવાય અહીં પક્ષીઓનાં અરણ્યો પણ છે. જેમાં મુગટધારી ક્રેન પક્ષી, સ્ટાલિંગની ૨૫ જાતીઓ, વિશાળ કદના શાહમૃગો, અગણિત ફલેમીંગો અને પેન્ગવીનોની વિશાળ જમાત પ્રધાનપદે છે. અહીંના સરોવર કાંઠે મગરોની સેના તથા હિપોપોટેમસો જોવા મળે. જંગલ પ્રદેશમાં વિધવિધ વાનરોમાં જૂથ તથા સર્પસૃષ્ટિના અચૂક દર્શન થાય. તદુપરાંત, વનસ્પતિ જન્ય પ્રાણીઓ હરણો, સાબરો, જંગલી ભેંસો, ગેંડા જેવા વિવિધ પ્રાણીઓ તમને જૂથમાં હરતાં-ફરતાં નજરે પડે, જે હિંસક પ્રાણીઓનો શિકાર પૂરો પાડે.

અહીંની વિવિધ પ્રજાઓમાં સાંસ્કૃતિક વિકાસ ધરાવતી કિકયુ કોમ, પ્રમાણમાં સૌથી મોટી. તેમની વસ્તી અંદાજે વીસ લાખની ગણાય. તેઓ ખેતીના ધંધામાં વિશેષ જોવા મળે. તેમનો મુખ્ય તેવા જોમો કેન્યાટા, જેણે કેન્યાની સ્વતંત્રતા હાંસલ કરવા સિંહફાળો આપ્યો. (બીજા હપ્તામાં આપણે તેનો પરિચય કરશું). બીજી

## બાલાસિનોર કોલેજમાં ઈતિહાસ તથા સંસ્કૃત વિષયનું વ્યાખ્યાન

ઈતિહાસ વિભાગના ઉપક્રમે પ્રા. મનુભાઈ શાહનું ‘‘બે વિશ્વયુધ્ધો વચ્ચેનું જગત’’ ઉપર અત્યંત માહિતીપ્રદ સુંદર ત્રાસાદિકે શૈલીમાં વ્યાખ્યાન યોજાયું. વ્યાખ્યાનના અંતે પ્રશ્નોતરી કરી ઈનામો આપ્યા.

સંસ્કૃત વિભાગના ઉપક્રમે સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડો.અમૃતભાઈ ઠાકોરનું ‘‘ભવભૂતિ’’ વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. તેમણે ભવભૂતિના બે નાટકોમાં રહેલી સહૃદયતાના અંરગેનું વિશ્લેષણ કરી નાટયકાર ભવભૂતિની વિશિષ્ટતાની છણાવટ કરી હતી.

ટી.બાળ.ળી એના વિદ્યાર્થીઓએ ભગવદ્‌ગીતાના ૧૫માં અધ્યાયનું કંઠસ્થ પથન કર્યું હતું.


## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ ઉદાર દીલ દાત્તાઓને અપીલ:-

મેડીકલ સેન્ટર ખાતે પેથોલોજીના રીપોર્ટ કાઢવા માટે એક અન્ય આધુનીક ઈલેકટ્રોનીક મશીન વસાવવાનું નક્કી કરેલ છે. જે કોઈ ઉદારદીલ દાત્તા રૂા.૨,૫૦,૦૦૦/- અંકે રૂા. બે લાખ પચાસ હજાર પુરા અથવા તેથી વધુ રકમનું દાન આપશે તેનું નામ દાત્તા જે નામ સુચવશે એ રીતે મુકવામાં આવશે. અમારી વિનંતીને આવકાર આપશો.

❑ *પ્રમુખ શ્રી રસીકલાલ આર. કડકીઆ.*

જાતિ, લ્યુઓ-જે સરોવરનાં કાંઠેપથરાયેલી છે. બોટીંગને મત્સોદ્યોગ તેમની મુખ્ય પ્રવૃત્તિ તેમનો નેતા ટોમ મ્બોયાને, જેણે જોમ કેન્યાટા સાથે રહીને સ્વતંત્રતાની ચળવળ આગળ ધપાવી. કમનસિબે સન ૧૯૬૫માં તેનું ખૂન થયું. અહીંની મસાઈ પ્રજા, રાજકારણથી છેટી રહે છે. તે અહીંની અસલી વસાહત અને શિકાર તેમનો મુખ્ય વ્યવસાય, સ્વતંત્રતાની ચાહક છે અને આજે જંગલના શિકાર પર પ્રતિબિંધ આવતા ગોપાલન પર નભે છે. કેન્યામાં તેમની ચારેક લાખની વસ્તી. ઘાસચારાની અછત જણાતા તેમને અવરનવર સ્થળાંતર કરવાનું રહે; પરિણામે વણઝારાની જેમ તે રખડતી જાતિ ગણાય આ જ પ્રમાણે ત્રણ લાખ તુર્કો સરોવરના પ્રદેશમાં જોવા મળે છે, ત્યાંની સામ્બુરૂ પ્રજા પહાડી વિસ્તારમાં રહે છે અને ખેતી સંભાળે છે. દેખાવમાં  તે ઊંચા-એકવડા બાંધાની પ્રજા પણ જીવન અતિ સાદું-પાકોટ ખેડૂઓ બે લાખની વસ્તી સાથે અહીં સ્થાઈ થયા છે. આ છે તેમની વિધવિધ જાતિઓનો ઈતિહાસ. જો કે પરદેશીઓ માટે તો સૌ હબસી જ કહેવાય. આ સિવાય વસ્તીમાં અંગ્રેજો, એશિયાવાસી અને આરબો પણ ખરાં.

તેમની રાષ્ટ્ર ભાષા સ્વાહિલી છે પણ અંગ્રેજી શાસનના કારણે ત્યાં અંગ્રેજી ભાષાનો મહાવરો ખરો. તેમાંયે ટેકનોલોજી, વિજ્ઞાનને મેડીસીન તથા આંતરરાષ્ટ્રિય ધંધાપાણી માટે અંગ્રેજીનું પ્રભુત્વ જ મુખ્ય.

કેન્યાના આ ભતિગબ ઈતિહાસ પર નજર કર્યા બાદ હવે પ્રવાસની વિગતો આગળ વધારીએ. નૈરોબીનો ભવ્ય એરપોર્ટ જોતાંજ બ્રિટીશ પ્રજાની કાબેલિયત આંખ સમક્ષ આવી. તે શોષણખોરી અને વેપારી પ્રજા હોવા ઉપરાંત કળા-કારીગરી અને ટેકનોલોજીના ક્ષેત્રે વિકસિત પ્રજા ગણાય પરિણામે તેમનો ભવ્ય વારસો-આચાર સંહિતાનો અને બાહ્ય વિકાસનો ચોતરફ નજરે પડે. કેન્યાની રાજધાની નૈરોબીમાં આધુનિક અને આલિશાન ઈમારતો, સુંદર-પહોળા રસ્તાઓ અને રેલ-માર્ગ, આકર્ષક ઉદ્યાનો ને વ્યવસ્થા-શક્તિ તમારાં ધ્યાન આકર્ષિત કરે. આ સંસ્કારોએ કાળી પ્રજાની અંદર-બહારની શિકલ બદલી નાખી. કસ્ટમ વિધિ પતાવી, નિર્ધારિત બસોદ્વારા અને ‘એબર્ ડેર કન્ટ્રી કલબ’ પર આવ્યા. અહીં અમારો સામાન મૂકયો અને લંચ પતાવી, આગળની મુસાફરી માટે તૈયારી કરી. જંગલમાં મંગલ કરેલ આર્ક પ્રદેશમાં અમારો માત્ર એક રાત્રિનો મુકામ હતો. આથી એક થેલીમાં એક જ રાતના કપડાંને જોઈતી વસ્તુઓ લઈને અમે આગળ નીકળ્યા. હવે ખરી રખડપટ્ટીનો અને સાથે સાહસયાત્રાનો આરંભ થવાનો હતો; આથી આનંદની અપેક્ષા જોડે મક્કમ મનની જરૂર પડવાની હતી. આ પહેલા મુકામ આગળ આપણે થોભશું. બીજા હપ્તાથી આગળની મુસાફરી તથા પ્રવાસ ગાથાનો દોર આગળ વધારશું.

રોજિંદા જીવનની કંટાળાજનક પરિસ્થિતિમાંથી મુક્તિ મળતાં અને પ્રકૃતિનો સહવાસ મળતાં, થાક લાગવા છતાં સૌના મુખ પર ખુશાલી અને આછી લાલી સ્પષ્ટ થતી હતી, જેને ગીતોની રમઝટ દ્વારાસારાયે વાતાવરણને કિલ્લોલમનય બનાવ્યું તેમાં પ્રતીતિ કરવી. વાસ્તવમાં, સૌએ નિકટતા સાથે સંઘબળનો પ્રેમ અનુભવ્યો.

"Reverence to animal Word-Kingdom"ના ભાવ સાથે આ હપ્તાને કવિની શેષ પંક્તિઓના સહારે આપણે સમેટી લઈશું:

અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાને
અર્ધું તે તમરાનું કૂળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતી-સાગરમાં; થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારાં શ્વાસમાં.

*(ક્રમશ)*

## અંક પર ચઢતાં વેલ્યુ વધે, નામ છે એનું શૂન્ય

ચઢતાં સૂરજને સૌ કોઈ પૂજે. ગોળ ગોળ મીંડા અને જેમજેમ અંક પર ચઢતાં જાય એમ એની વેલ્યુ વધતી જાય. કરોડોને અબજોમાં....અને એથી ય વધુ....કદાચિત સૌ કોઈને જાણ હોય છે એમ ચઢતો સૂરજ સાજં પડે ઢળે છે. રાતનો અંધકાર છવાય છે અને પાછો દિન ચઢે સૂરજ ઉગે છે, આમ ચક્ર ચાલતું રહે છે. આમ આ ચક્ર એટલે જ '' શ્રી કૃષ્ણ ભગવાનનું સુદર્શન ચક્ર''. ચક્ર ગોળ, પૈયાં ગોળ અને શૂન્ય પણ ગોળ, ચઢતાં પૂજાય અને ઢળતાં અંધકાર છવાય. આ પૈયાનું નામ છે રૂપિયા, રૂપાળાં રૂપિયા, પાસે હોય તો સૌને ગમે જ ગમે, હામ, હિંમત અને જોમ આવે. નાથિયો નાથાલાલ બને...અને આ બધાની સાથે એટલું પણ નક્કી જ હોય છે. દેહ શૂન્ય થઈ જાય ત્યારે કરોડોમાં તોલાતાં મીંડા એમ જ રહી જાય છે. ખાલી હાથ જવાનું એ જીવમાત્રને માથે લખાયું જ છે, પણ આ સમજણ પચાવવી બહુ જ અઘરી છે. કારણ માયા અમે મમતામાં આપણે સૌ લપટાયેલાં છે અને દોર લપટાયેલો રહે છે અને પતંગ કપાઈ જાય છે, ઘણીવાર ઘણી ઢીલ છોડી હોય તો પણ પતંગ કપાય છે. પ્રસ્તાવના લાંબી છે પણ મર્મ એનો સમજશો તો જ મજા આવશે.

હાથીને મણ અને કીડીને કણ જોઈએ છે અને એમને પ્રભુ આપી જ રહે છે, ફક્ત એઓ એમનું કર્મ જ કરે જાય છે. પ્રભુજીએ પણ ગીતાજીમાં આજ સમજાવ્યુંછે. ''ફળની ચિંતા ન કરતાં કર્મ કરતાં રહો.'' પરંતુ માનવી માને છે કે અમે સાક્ષર છીએ. ભણ્યા છીએ, વિદ્યાધન મેળવ્યું છે પરંતુ એના જેવા અજ્ઞાની કોઈ જ નથી. દાખલો આપીશ કે મને આજે ખાવા મળશે કે નહી, મારી કોઈ દવા કરશે કે નહી '' અને આના જવાબમાં પરિસત્તા તો પ્રભુજીને હાથ છે અને આ સત્ય ન સમજે એટલે જ માનવી અજ્ઞાની છે કારણ જેમ દવાનો સ્વાદ કડવો ને ગુણ મીઠો તેમ કદાચ મારું લખેલું કદાચિત કોઈને કડવું લાગે, કલમ કદાચિત સત્ય જ કહેતી હોય છે કારણ એ દેવી સરસ્વતીનું પ્રતિક છે.

ગરીબોની વહાર કરતી એક મહિલા સંસ્થા અમદાવાદમાં આગળ આવી છે અને તાજેતરમાં જ મને એની જાણ થઈ. ગરીબ હોય એ માંગીને ખાય, પત્થરે પોઢે, ફાટયાં તૂટયાં વસ્ત્રો એ અંગ ઢાંકે એવી જ રીતે બીજો એવો વર્ગ છે જે સ્વાશ્રયી છે. આપણે બાસમતી ભાત ખાઈએ તો એ જાડા ચોખાએ પેટ ભરે, આપણે સિહોર પીસી ઘઉં ખાઈએ તો એ થોડા ઉતરતી કક્ષાના ઘઉં લાવી પેટ ભરશે, સસ્તુ શાક લાવે, દીડકી સી ભાજી ની ઘર હોત રાજી. આપણાં કપડાંનો ઠાઠ, આપણા જૂતાનો ઠાઠ, આ બધો ચડતાં મીંડાનો પ્રતાપ, જ્યારે આ મધ્યમ વર્ગ- સ્વાશ્રયી વર્ગ, ઓછી કિંમતના કપડાં, પ્લાસ્ટીકના ચંપલ અને ખોટા દાગીના પહેરશે ને સ્વમાનથી ફરશે. ખુશી ખુશી સસ્તા દરની ટીકીટોમાં પીકચરો પણ જોશે. હાથેથી પંખો ખાશે અને રસ્તા પરના ફેરીયાની પાણીપૂરી, પાઉંવડા, ઢોસા કે ફેરીયાની ઈડલી ખાશે અને હાથમાં કિટલી લઈને ફરતાં ચાહવાળાની ચાહની ચૂસકી લઈ લિજ્જત માણતા હોય છે. જ્યારે જીંદગીની ફિકર એટલી જ કે કોઈ મોટી બિમારી આવે અને હોસ્પીટલોમાં દાખલ થવું હોય તો ફ્રી વોર્ડમાં દાખલ થવું હોય તો ધક્કા, ફેરા અને આંટા સાથે લાઈનની કતાર અને અપમાન!

એક ભાઈ મીડલ વર્ગના એડમીશન લેવા માટે સવાર સવારના હોસ્પીટલમાં આવ્યા અને પૂછતાછ

કરતાં જવાબ મળ્યો કે જગા નથી, પેલા ભાઈએ કહ્યું, સાબ હું આ પાંચમીવાર આવ્યો છું. તો જવાબ મળ્યો કે ખાલી થશે ત્યારે જણાવીશું. હાલમાં જગા નથી અને આનો અર્થ એ કે એમનો પેસન્ટ સીરીયસ હોય તો ? અને તેર મણનો તો ? આપણે વીચારીએ કે કદાચિત આપણા કોઈ ઘરનાંને સારવાર માટે આવો જવાબ મળે યા સારવાર ન મળવાના હિસાબે તેનું મૃત્યુ થાય તો ? અને આ જ ચાલી રહ્યું છે એ સત્ય હકીકત છે. માણસ સસ્તાં કપડાં, સસ્તાં જૂતા કે સસ્તાં અનાજથી પેટ ભરી શકે, પણ જ્યારે તેને સારવારની જરૂરત પડે ત્યારે આટાં, ફેરાને ધક્કા. ''બિના દામ કછુ ન હોવે કામ.'' અને આનો રસ્તો અમદાવાદની મહિલાઓએ જાગૃતતા આણી આવા મજબૂર લોકોને તુરંત દાખલા મળી શકે રુગ્ણાલયમાં એ માટે કમર કસી છે. આપણે પણ ગુજરાતી જ છીએ. આપણાં બાલાસિનોરના લગભગ હર ઘરમાં કેન્સર યા એવી મોટી બીમારી આવી જ હોય તો થોડા પૈસે ટકે અને થોડી આવી સુંદર સંસ્થા ઉભી કરીએ અને સેવાનો સત્સંગ ઉભો કરીએ. ગુજરાતી મહિલાઓની આ વાત ગૌરવ લેવા જેવી જ છે અને એને જ સાચો સત્સંગ કહી શકાય.

આવી જ એક બીજી વાત મને પોરસાવે છે. ગુજરાતમાં બાલાસિનોર ગામની ૧૨૦૦ બાળકોની શાળા. તેમાં સાત ધોરણ સુધી માફી ફી, અને સ્કુલ તરફથી ચોપડીઓ અને વળી શોર્ટ રીસેસમાં ગરમ ગુણકારી, નાસ્તો મળે છે. વળી આ શાળામાં ડૉકટરના બાળકો, શિક્ષકના બાળકો, સુથાર, કાછીયા અને ભોઈનાં બાળકો ભણે. જાતી ભેદનો કોઈ બાધ નથી. વળી વિજ્ઞાન ભેળો, અને એવા બીજા જ્ઞાન આપતાં અનેક પ્રોગ્રામો યોજાય અને વળી એક પ્રોગામમાં મને નિમંત્રણ આપેલું ત્યારે નાની સાત બાળાઓએ એક ગીત નૃત્ય સાથે અને સુંદર વસ્ત્રો પરિધાન કરીને રજુ કર્યું હતું, અને ગીતના બોલ આજે પણ મારા કાનમાં ગુંજે છે એ ગીતના બોલ હતા ''હું નાનકડી ગીતા'' ગીતા એટલે નામ નહી, શ્રીકૃષ્ણ ભગવાનની સ્વમુખે બોલાયેલી ગીતાનો સાર કહેતું હતું આ ગીત. શ્રીકૃષ્ણ ભગવાનની સ્વમુખે રચાયેલી, બોલાયેલી ગીતાને સમજનાર કેટલાં, આંગળીના વેઢે ગણી ગણાય એટલા જ. આ ગુજરાતની ગુજરાતી શાળા સંસ્કારનો વારસો ભણતર સાથે ગણતરનો નાના કુમળા મગજમાં અંકિત કરે છે, જ્યારે અંગ્રેજી માધ્યમની શાળાનો મોહ આપણને ઘણો જ ઘણો, ભાષા ભૂલાય, મા બાપ ભૂલાય એવા આજનો આ જમાનો ને એની તાસીર, પરંતુ વહેતું પાણી નિર્મળતા પ્રાપ્ત કરે છે, અને બંધિયાર પાણી તળાવ બને છે. એનું પાણી પીવાતું નથી, એમ અંક પર ચઢતાં શૂન્યથી વેલ્યુ વધે છે અને સારા કામમાં વપરાતી લક્ષ્મી પૂણ્યની નિર્મળતાથી શુદ્ધ બને છે. થોડામાંથી થોડું આપવાનું છે જેમ કે એક લગ્ન પ્રસંગ હોય અને તમે સંગા સ્નેહીઓનો જમણવાર રાખો આજ રીતે તમે અનાથ બાળકો, આંધળા બાળકો વગેરેની સંસ્થામાં જમણવાર યા મિષ્ટાન, ફરસાણનો નાસ્તો કરાવો તો તેઓને કેટલો આનંદ મળે અને એ આનંદ આશિષના રૂપમાં ફેરવાઈ પુણ્યના પોટલામાં સમાય અને જ્યારે આપણો દેહ શૂન્ય થઈ જાયને, દેહનો વિલય થાય ત્યારે ખુદ પ્રભુજી આ પોટલાનો ભાર ઉંચકી લેશે સદ્‌કાર્યનો અને આપણે ટહેલતાં ટહેલતાં પ્રભુજીના દરબારમાં જઈ શકીશું. સારા કામો રોજના જીવનમાં કરતાં રહો. જીવતરને જીવી જાણે ને માણો. સુખની અવધિ ફક્ત પૈસાથી જ નહી શારિરીક અને બૌદ્ધિકતાથી પણ પૂણ્યાઈ મેળવી શકાય છે અને એનો દાખલો પહેલાં જ આપ્યો અમદાવાદની મહિલા સંસ્થાનો વિચારજો. શૂન્ય અને અંક પર ચઢતાં મીંડાની વધતી વેલ્યુ વાપરીને અંધકાર મીટાવી ચઢતાં સૂરજને આવકારીએ.

# વિદેશની પહેલી ક્ષણોનો વાયરો......

(શ્રી રમેશભાઈ ધારીઆની પુત્રી શેફાલી દ્વારા વિદેશના શરૂઆતના અનુભવો તેની જ કલમે)

કાયમ માટે અમેરિકા સ્થાયી થવાના પડઘા અચાનક કાને પડવા લાગ્યા. જીંદગી આવો વળાંક લેશે એવી તો ક્યારેય કલ્પનાજ કરી નહોતી. સ્વજનોની ભીડ છોડી એકાંતના વાતવારણમાં જતા પ્રભુને પ્રાર્થના થતી કે જીવનનો આ પરિવર્તન સહન કરવા મને શક્તિ અર્પે. એ પળોનો પલટાવો યાદ કરતાં, હૈયું આજે પણ ધબકી ઉઠે છે.

અમેરિકાના જાણીતા લોસ એન્જલસ શહેરમાં રહેવા જવાનું નક્કી થયું પલભરમાં એ કોસો માઈલનો પ્રવાસ ક્યાય પૂરો થઈ ગયો. વિદેશની ધરતી ઉપર પગ મુકતા જ સૂકા ઘાસ જેવો આભાસ થયો. પ્રેમ અને લાગણીઓથી ઉભરાતા તળાવ જમીનના ઉંડાણમાં દટાઈ ગયાં

થોડા દિવસોનો કાફલો ઘરની ગોઠવણમાં જલ્દીથી પસાર થઈ ગયો. અહીંના ઘર કાર્યમાં મુંબઈના ધોડું-પાડું તો પહેલા જ યાદ આવી જાય. ઘણીવાર વિચાર આવે કે આપણાં દેશમાં રોજીંદા કામકાજ પાર પાડવા આપણે બીજી વ્યક્તિ ઉપર કેટલા બધા આધારિત છીએ. અહીંના જાતજાતના ને ભાતભાતના કાયદા કાનૂન જાણતા જતા અકળાયેલા મનને થોડી મોકળાશ મળી.

દિવસો વિતતા ગયા. સ્વજનોની યાદ પળેપળમાં સતાવતી. મા-બાપ, ભાઈ-બહેન બધાથી આટલે દૂર રહેવાનો અનુભવ ઘણો જ કપરો અને કરુણ લાગતો, પણ ટેલીફોન અને કમ્પ્યુટરની સુવિધાઓએ ભારે પળો હળવી કરવામાં ઘણો ફાળો આપ્યો. રાત-દિવસ રેતી ઉપર ચાલતા હતા. રિસાયેલું મન મારા નાના પુત્રને જોઈને પાછું ખીલી ઉઠતું. ચોપાટીનો ચકડોળ હોય કે નરીમાઈન પોઈન્ટની ઘોડાઘાડી, અમેરિકાની રવિવારે તે અચૂક યાદ કરતો. એની એકલતા દૂર કરવા થોડો સમય સ્કુલે મુકવાનું નક્કી કર્યું. જતીન અને જનકનો સાથ છોડી James અને Joseph નો હાથ પકડવો એના માટે સહેલું તો નહોતું જ. એ દિવસો યાદ કરતા બે પંક્તિ પુરુ છુ....

નિશાળે જવા નિકળતા  
હૈયું, રડતા આંખો ભીની  
થઈ જતી પલભરમાં  
કહે મારો નાનો ટુકડો  
'મા' તું યાદ આવે પળપળમાં....

'મમ્મી'' ની મીઠાશ છોડી Momની દુનિયામાં મારો દિકરો ડૂબતો ગયો. પૂરી પકડવાનો એ શોખીન પીઝા અને પોપકોર્નમાં અટવાઈ ગયો. ઘણીવાર બારીએ ઉભા પક્ષીઓના કોલાહલને ઝંખતો. સુનકાર રસ્તા ઉપર ગાડીઓ સરતા જોતા એની આંખો અંજાઈ જતી.

ધીરે ધીરે નયનો સૂકાતા ગયા. જીંદગીની એ રમત એક પ્રશ્નચિન્હ બનીને રહી ગઈ.....

❑ *લિ. શેફાલી ધારિયા, U.S.A.*

**શ્રી બાલાસિનોર નવયુવકસંઘ દાતાનો આભાર માને છે.**

શ્રી મુકેશ કાંતીલાલ શાહ (ભાણાભાઈ) તરફથી સંઘને રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા)નું માતબર દાન તેઓના પુત્ર અમીતના લગ્નપ્રસંગે પ્રાપ્ત થયું છે. સંઘવતી દાતાનો આભાર

*મંત્રી શ્રી પ્રદીપ કડકીઆ*

# ચંપારણના બેઠકજીના સત્સંગ અને મનોરથોની એક ઝલક

પ્રભુના સાનિધ્યમાં શાંતિ, શીતળતા તથા આનંદ ચોક્કસ અનુભવાય પણ મહાપ્રભુજીના સાનિધ્યમાં જે અલૌક્કિ શાંતિ, શીતળતા, આનંદની પ્રાપ્તિ થાય તેની પ્રતિતી તોસુરેખાબેન કડકીઆ અને તેમના સત્સંગની બહેનો ચંપારણની યાત્રામાં કરી. બે દિવસ ચંપારમમાં રહ્યા અને ચાર મનોરથ ઉજવ્યા.

૮૦ વર્ષના શ્રી કૃષ્ણદાસ અઢીયા જેઓ પહેલાં કલ્યાણમાં હવેલીમાં રહેતાં હતાં. તેઓ અત્યારે બેઠકજી મંદિરના ટ્રસ્ટી છે અને 'દાદા' ના હુલામણા નામે ઓળખાય છે તેમના કહેવા મુજબ

મહાપ્રભુજી ભૂતલ પર દૈવી જીવોનો ઉધ્ધાર કરવા પધાર્યા. દૈવી જીવો એટલે એવા જીવો જેમણે પોતાનું સર્વસ્વ ઠાકોરજીને સમર્પિત કર્યું છે. જીવ જ્યારે બ્રહ્મસંબંધ લે ત્યારે ઠાકોરજી એ જીવનો અંગીકાર કરે છે. બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મ એટલે કે પૂર્ણ પુરુષોત્તમ ઠાકોરજી સાથે કરાવાયેલો સંબંધ. બ્રહ્મસંબંધ લીધા પછી ઠાકોરજીની સેવા કરવી જોઈએ અને અનોસરમાં ચિંતન કરવું જોઈએ પણ બ્રહ્મસંબંધ લીધા પછી સેવા જ ન કરીએ તો ઠાકોરજી કૃપા કેવી રીતે કરે ? લોકરનું આપણે ભાડું ભરીએ છીએ. લોકરમાં માલ પણ આપણો છે. એક ચાવી આપણી પાસે છે પણ માસ્ટર કી બેંકવાળા પાસે રહે છે. માસ્ટર કી વગર આપણી ચાવીથી લોકર ખોલી ન શકાય. મહાપ્રભુજીએ આપણને ભક્તિરૂપીચાવી આપી છે પણ કૃપારૂપી માસ્ટર કી તેમની પાસે છે. ભક્તિ કરશો તો જ ઠાકોરજીની કૃપા થશે. જગતના પાલનહાર, કર્તાહર્તા ઠાકરોજી છે. સુખ અને દુઃખ આપણા કર્મોના ફળ છે. છઠ્ઠીએ વિધાતા આવી લેખ લખી જાય છે. ગ્રહમંડળના ૯ ગ્રહોએ ઠાકોરજીના ઓફિસર છે. તેઓ વિધાતાના લેખનો અમલ કરે છે. આ ગ્રહમંડળ ભગવાનના ભક્ત છે. જ્યારે આપણી પર વિપત્તિ આવી પડે ત્યારે સતત ઠાકોરજીનું ચિંતન કરીએ તો ગ્રહમંડળને લાગે છે કે વૈષ્ણવ પણ મારી જેમ ભક્ત છે. તેથી તેઓ વૈષ્ણવના દુઃખને નાબૂદ નથી કરી શકતાં પણ હળવું કરી શકે છે. આમં ચિંતન અને સ્મરણથી દુઃખ હળવું થાય છે. પાઠ ન કરી શકાય તો ગ્રહો ૯ છે અને રાશિ બાર છે ૧૨ X ૯ = ૧૦૮ માળાના મણકા છે. જેમાં સતત અષ્ટાક્ષરનો જાપ કરવો જોઈએ.

એક વૈષ્ણવ (ભગવદીય) મર્યાદામાર્ગીને ત્યાં નોકરી કરે. શેઠે કહ્યું કે કપાળમાં તિલક ને બલદે ત્રિશૂળ કરીને આવો. વૈષ્ણવે ઘણો વિચાર કર્યો પછી પેટ પર ત્રિશૂળ કરી કપાળમાં તિલક કરી કામ પર ગયો. શેઠ ગુસ્સે થઈ ગયા. કારણ કપાળમાં તિલક ન હતું. વૈષ્ણવે પેટ પરનું ત્રિશૂળ બતાવ્યું અને કહ્યું કે 'મેં તો મારી જાતને ઠાકોરજીને સમર્પી છે. પણ પેટ માટે આપને ત્યાં નોકરી કરુંછું. માટે પેટ પર ત્રિશૂળ કરીશ કપાળમાં નહી, શાણો શેઠ સમજી ગયો અને પોતાની જીદ્દ છોડી દીધી.

બ્રહ્મસંબંધ લીધા પછી સમર્પિત પ્રસાદ આરોગવાનો આગ્રહ રાખો. જે સ્વરૂપની સેવા કરો છો એ પુષ્ટિ કરાવેલું ન હોય તો સેવા પહોંચતી નથી એ સેવાનું ફળ મળતું નથી કે કોઈ દોષ પણ પડતો નથી. સેવામાં નથી પહોંચી શકતા તો ઠાકોરજીનું વસ્ત્ર પધરાવો. મીસરી ધરાવો અને એ મીસરી આપ જે રસોઈ બનાવો એમાં પધરાવો જેથી ભોજન પ્રસાદી બનશે અથવા ચરણામૃતની ડબ્બી સાથે રાખી સવારે સ્નાન કરી પહેલાં ચરણામૃત લો અને જે કંઈ પણ ખાવ કે

પીઓ એમાં ચરણામૃત પધારવો. તમે ભલે સમર્પિત નથી ખાતા પણ પવિત્ર ખોરાક લે છે.

કોઈ વૈષ્ણવના ઘરે ખૂબ સુંદર રીતે સેવા થતી. સહુ ઠાકોરજીને આરોગાવી પ્રસાદી ભોજન લેતાં. સમય જતાં બાળકો ડૉકટર એડવોકેટ બન્યા. સવારે ઘરેથી નીકળે રાતે આવે. તેઓ પોતાની સાથે ચરણામૃતની ડબ્બી રાખતાં જે કંઈ ખાય તેમાં ચરણામૃત પધરાવી પછી જ ભોજન કરતાં.

તેમનું કહેવું હતું કે વૈષ્ણવોને ચંપારણમાંબે જ કામ છે. ભજન અને ભોજન. વધુમાં વધુ ઠારોરજીએ આરોગેલો ઉત્તમ પ્રસાદ લેવો અને વધુમાં વધુ ઠાકોરજીનું ભજન કરવું. ઠાકરોજીની કૃપાથી અને દાદાના આશીર્વાદથી સહુ બહેનોએ મળી ચાર મનોરથ કર્યાં.

સવારે સહુ બહેનોએ ઝારીજી ભરી ઠાકોરજીને દંડવત કરી નંદમહોત્સવ ઉજવ્યો. મહાપ્રભુજીના સુંદર સ્વરૂપને પલનામાં પધરાવ્યું. પલનું ઝુલાવી સહુ બહેનોએ ઠાકરોજીની સન્મુખ કીર્તન, ધોળ પદ ગાયા અને નંદ ઘરે આનંદ ભર્યો જય કનૈયા લાલકીના નારાઓથી બેઠકજી ગુંજી ઉઠયાં. વૈષ્ણવોએ નાચી, કૂદી, હીંચ લેતા નંદોત્સવ મનાવ્યો.

ઠાકોરજીના વિવાહ ઉત્સવનો મનોરથ કર્યો હતો. દાદાજીની હવેલીમાં સહુ બહેનોએ ગરબા લીધા. બાલકૃષ્ણલાલજીને પાલકીમાં પધરાવ્યા. ઠાકોરજીની પાલકી બહેનોએ જ ઉંચકી. વરઘોડામાં બેંડવાજા વાગતા હતાં. નાચતાં, કૂદતાં ઠાકોરજીની જાન આગળ વધી. ચંપારણાં રહેતાં બાળકો રાધા કૃષ્ણનાં સ્વાંગમાં સુંદર રાસ ખેલતાં ઠાકરોજીની રાસલીલાની ઝાંખી કરાવતા હતાં. પાલકીની આગળ બહેનો માથે કળશ લઈ ચાલતી હતી. વાજતો ગાજતો વરઘોડો બેઠકજીના દરવાજે આવ્યો. દરવાજે કળશને પોંખવામાં આવ્યો. વરરાજા ચોરીમાં પધાર્યા. જ્યાં શાસ્ત્રીજીએ મંત્રોચ્ચાર દ્વારા શાસ્ત્રોક્ત પધ્ધતિથી ઠાકોરજીના તુલસીજી સાથે લગ્ન કરાવ્યાં. દાદાએ તથા આપણી બહેનોએ લગ્નના સુંદર કીર્તન તથા ધોળ પદ ગાયા. બાદમાં સહુ બહેનોએ કન્યાદાન પણ આપ્યું. લૌક્કિમાં ઘણા લગ્નો જોયા, પણ ઠાકોરજીના લગ્નનો ઉત્સવ ખરેખર અલૌક્કિ હતો.

બેઠકજી પાસે સુંદર યમુનાઘાટ છે જયાં મહાપ્રભુજી સંધ્યાવદન કરતાં. આ યમુનાઘાટ પર ચુંદડી મનોરથ ઉજવ્યો. ૮૪ કોરી ચુંદડીઓને ચાર મોટા ડાંડા પર વીંટવામાં આવી. પછી ચુંદડીઓને ઠાકોરજીની સન્મુખ કરી સહુ બહેનોએ ચુંદડીના રોલને માથે પધરાવી આગળ કળશમાં યમુનાજીને પધરાવ્યાં હતાં. સહુ ચાલતાં ચાલતાં ધોળ ગાતા યમુના ઘાટ પહોંચ્યા. જ્યાં શાસ્ત્રીજીએ યમુનાજીનું પૂજન કરી તેમને નૌકામાં પધરાવ્યાં. ત્યારબાદ એક પછી એક ચુંદડીઓ જળમાંથી પસાર કરી સામે કાંઠે ઝીલવામાં આવી. ચુંદડીઓ જ્યારે યમુનાજીમાં થઈ સામે કાંઠે જતી ત્યારે એટલું સુંદર લાગતુ હતું જાણે કે યમુનાજી પોતાના હાથ ઉંચા કરી તેનો અંગીકાર કરી રહ્યા હોય. એ નયનરમ્ય દશ્ય આજે પણ આંખ સામેથી દૂર નથી થતું. ત્યારબાદ ચૂંદડીઓ લઈ બેઠકજીમાં પાછા ફર્યા.

ગિરીકદંરાના મનોરથમાં બેઠકજીમાં સુંદર ગીરીરાજજી બનાવ્યા હતાં અને જતીપુરામાં જે રીતે ઠાકોરજીને શણગારવામાં આવે છે એજ રીતે સુંદર શણગાર ગીરીરાજજીને કર્યા હતાં. ઠાકોરજીને સૌથી પ્રિય એવી અનેક સુંદર ગાયો ગીરીરાજજી પર પધરાવી હતી. મહાપ્રભુજીની તથા ગુંસાઈજીનું સ્વરૂપ, અષ્ટસખાના કીર્તન કરતાં સ્વરૂપ તથા જે વૈષ્ણવ

બહેનો પોતાની સાથે પોતાનું સેવ્ય સ્વરૂપ લાવ્યાં હતાં તે સહુ સ્વરૂપ ગીરીરાજજીના પણ દર્શન કર્યાં. ત્યારબાદ બહેનોએ સુંદર ગરબો 'મને સ્વરૂપ શ્રીનાથજીનું ગમતું રે' પર કર્યો. દાદા હારમોનીયમ વગાડતા હતાં. તબલા, ઝાંઝ વાગતા હતાં બહેનોને રાધા ઢૂંઢ રહી કીસીને મેરા શ્યામ દેખા, રાધે રાધે રટો ચલે આયેંગે બિહારી એક વારબોલું કે બે વાર બોલું, કે ત્રણ વાર બોલું , મારા શ્યામ શ્યામ મને દર્શન દે જેવા સુંદર ઘોળ ગાયા, વૈષ્ણાનો મન મૂકીને નાચ્યાં. દાદાએ પણ કહેવું પડયું કે ઠાકોરજીએ પણ આપના નૃત્યનો, ગાનનો અંગીકાર કર્યો. સહુ વૈષ્ણવોએ મળી આનંદને લૂંટયો જેનું વર્ણન શબ્દોમાં કરવું અશક્ય છે.

❑ *મિનોતી શાહ*

* * *

## ''શ્રીજી તારા સાનિધ્યમાં''

તું ગઈ પ્રભુ સાંપડયા,
સારૂં થયું કે ખોટું નથી જાણતો !
તારા ગયાનો અહેસાસ તો છે !
શ્રીના સાનિધ્યમાં હુંફ મેળવીશ.

જીવનમાં ઘણાં ઉતરચઢ ભાળ્યાં,
માનવી, માનવીને હણતાં દીઠાં !
કોને આપણા કહેવા,
જ્યાં આપણાજ આપણને મારે !
એ વાત કલ્પનામાં ક્યાંથી આવે ?
અનુભવે સિધ્ધ કરી બતાવ્યું,
આખરે મારો ભ્રમ તેં ભાંગ્યો !
આ દુષ્ટ દુનિયાથી તુંજ સમીપે લઈલે

મને તારા નામની ધુન જ બસ છે !
મારા જીવનમાં ખાલીપો ભરે છે
જીવનની વિદાયની ક્ષણે આવજે
શ્રીજી, તને પામી જીવ ધનભાગ થાશે
શ્રી શીવાય ના કોઈ આપણું !

*''ચાંદશા''*

❑ *ચંદ્રકાંત શાહ (ચટઈ)*

### ★ ડૉ. હરેન ગાંધીને ★

''ધન્ય છે એ માડીને, જેની કુખે તમે જનમીયા,
ધન્ય છે એ મા ભોમને, સંસ્કારના સિંચન જ્યાં થયા,
ધન્ય છે પર ભૂમિને, અગણિત અવસરો દીધા,
ધન્ય તવ પુરૂષાર્થને, કે વિશ્વમાં વિભૂષિત થયા.''

❑ *સતીશ ભી પરીખ*

# ૩૬મો વાર્ષિક રમતગમતોત્સવ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરીના રવિવારે યુનીવર્સીટી ગ્રાઉન્ડ, મરીન ડ્રાઈવ ખાતે ૩૬માં રમતગમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન શ્રી કીરીટભાઈ મોહનલાલ મોદીએ (ખાંડીવાળા) લીલીઝંડી અને વ્હીસલ સાથે રમતગમતની શરૂઆત કરાવી હતી. રમતવીરોની હાજરી થોડી ઓછી હોવા છતાં હાજર રહેલાં રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બપોરે સંઘ તરફથી વિજેતા રમતવીરો તથા તેઓના વડીલો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆતમાં તંત્રી નિખીલ પરીખે સૌને આવકાર આપ્યો હતો. મંત્રી શ્રી પ્રદીપભાઈએ સંઘના આગામી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેઓએ શાલ દ્વારા શ્રી કીરીટભાઈ મોદીનું સન્માન કર્યુંહતું. રતમગમતના કન્વીનર પરેશભાઈ ધારીઆએ મુખ્યમહેમાનના પત્ની શ્રીમતી ઉષાબેનનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. સંઘના પ્રમુખ શ્રી અસીતભાઈ દ્વારા કીરીટભાઈને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યો હતો.

મુખ્ય મહેમાન શ્રી કીરીટભાઈ મોદીનો પરીચય શ્રી કીર્તીભાઈ (દેડકી) દ્વારા આપવામાં આવ્યો. તેઓએ જણાવ્યું કે, શ્રી કિરીટભાઈને જન્મ મુંબઈમાં આઝાદીના ફક્ત થોડા દિવસો પહેલાં એટલે કે ૨૨મી જુલાઈ ૧૯૪૭ના રોજ શ્રી મોહનલાલ સાંકરલાલ મોદી તથા શ્રીમતી તારાબેન મોદીના ઘરે બીજા પુત્ર તરીકે થયો હતો. બે ભાઈઓ તથા ત્રણ બહેનોનાં ભરપુર પ્રેમ અને છેલ્લા ઘણા વર્ષોથી ઠાકોરજીની સેવા કરતી માતાની વચ્ચે ઉછરેલાં કીરીટભાઈ એક ધાર્મિક, સંસ્કારી અને  કુટુંબપ્રેમી વ્યક્તિત્વ ધરાવે છે.

પિતાશ્રીનો નાગદેવીમાં પી. મોહનલાલ એન્ડ કંપનીના નામે બેલ્ટ ફાસ્ટર્નસનો વેપાર ચાલુ હોવાં છતાં બી. કોમ. કર્યા બાદ પિતાશ્રીના સુચનથી પોતાનો સ્વતંત્ર વ્યવસાય પાર્ટનર પ્રકાશભાઈ (રોજવાવાળા) સાથે યુનાઈટેડ ઈન્ડીયા ટ્રેડર્સના નામે શરૂ કર્યો. પાઈપફીટીંગ્સ અને હાર્ડવેરના આ ધંધાને પોતાની ધગશ અને કુનેહથી વિકસાવી એક પ્રતિષ્ઠીત કંપની તરીકે નાગદેવીમાં પોતાની આગવી ઓળખ મેળવી. ૧૯૭૨માં ઉષાબેન પુનમચંદ મોદી (ભડકી) સાથે પ્રભુતામાં પગલાં માંડયા. લગ્નજીવના ફલસ્વરૂપ બે પુત્રી રસના અને ઉર્વીનો જન્મ થયો. આજના પુત્ર વાંછીત સમાજમાં કીરીટભાઈને બે પુત્રી હોવા છતાં પોતાનાં સંસારને સ્વર્ગ માને છે. ડૉ. યશવંત ત્રિવેદીએ પોતાના પુસ્તક માટે કીરીટભાઈને પુછયું હતું કે આ પૃથ્વી ઉપર તમને સૌથી સુંદર શું લાગ્યું ? આના જવાબમાં કીરીટભાઈએ લખ્યુ હતું કે પુત્રીઓ થકી જ આ જીવન સ્વર્ગ સમું સુંદર લાગ્યું અને જેને પુત્રીઓના પ્રેમમાં સ્વર્ગ લાગતું હોય એ પ્રેમને વહેંચવામાં પણ ઉદાર જ હોય. કુટંબમાં સૌ ભાઈબહેનો વચ્ચે આજે પણ અતુટ પ્રેમનો સંબંધ ધરાવેછે. અને પોતાના રમુજી સ્વભાવથી મિત્રોને પણ હસતાં હસાવતાં રહે છે. પોતાનાં નીરજ બિલ્ડીંગમાં તેઓ છેલ્લા તેર વર્ષથી સેક્રેટરી છે. વાચંનનો, કેરમનો તથા અન્ય ઈન્ડોર ગેમ્સનાં તેઓ શોખીન છે. આ ઉપરાંત હરવા ફરવાનો, નવી દુનિયા જોવાનો શોખ છે અને આ શોખને ભારતના ખુણે ખુણે, કાશ્મીર થી કન્યાકુમારી સુધીના બધા જ સ્થળો તથા વિદેશમાં યુરોપના પ્રવાસ દ્વારા પુરો કર્યો છે.

ધર્મ અને સેવાનો વારસો માતા તરફથી મળ્યો છે. સાત વર્ષ પહેલાં તેઓ ફગવા ઉત્સવના યજમાન પણ રહી ચુક્યાં છે.

હાલમાં પુત્રી રસના શ્રી કેયુરભાઈ શેઠ સાથે

લગ્ન કરીને અમેરીકા ખાતે સ્થાયી થયાં છે. બીજી પુત્રી ઉર્વીએ હાલમાં (M.B.A.) પુરું કર્યું છે. પત્ની ઉષાબેનના સાથ સહકારથી કીરીટભાઈ સુખી લગ્નજીવન વિતાવે છે. આવા ઉમદા સ્વભાવના, જીંદાદીલ માણસ આપણને આજના રમતગમત ઉત્સવ પ્રસંગે પ્રાપ્ત થયા છે એ બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

શ્રી કીરીટભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજે વર્ષો બાદ ફરી પાછા આપણાં યુનીવર્સીટી ગ્રાઉન્ડમાં આ સ્પર્ધા યોજાઈ છે. ત્યારે જુના દિવસોની યાદ આવે છે. ત્યારે આ આટલું મોટું સ્ટેન્ડ પણ ઓછું પડતું અને પ્રેક્ષકો ભલે ઓછાં થયાં પણ શ્રી બાલાસિનોર નવયુવક સંઘે હજી લોકોને એકત્રિત રાખવાનો, યુવાનોને રમતગમતમાં પ્રોત્સાહીત કરવાનો નિયમ જાળવી રાખ્યો છે એ ખુબ આનંદની વાત છે.

આમ પણ આ એક જ એવી સંસ્થા છે જે કેટલીયે વિવધ પ્રવૃત્તિ દ્વારા આખા વર્ષ દરમ્યાન સૌ બાલાસિનોરવાસીઓને હળવામળવાનાં અનેક પ્રસંગો ઉભા કરે છે.

આવી જુની અને મહાન સંસ્થાના રમતગમતોત્સવ પ્રસંગે જ્યારે મને મુખ્ય મહેમાન બનવાનો મોકો મળ્યો ત્યારે મે તુરંત ઝડપી લીધો કારણ કે વર્ષોથી સમાજ પાસેથી બસ લીધા જ કર્યું છે. આપણી બધી જ સંસ્થાઓ પાસેથી અને આપણા બાલાસિનોર સમાજ પાસેથી મેં અને મારા કુટુંબીજનોએ ઘણું બધુ મેળવ્યું છે. એટલે આજે મને મોકો મળ્યોછે એનું ઋણ ચુકવવાનો. આજે અહીં મે તથા મારા કુટુંબીજનોએ જે પણ કંઈ આપ્યું છે એમાં મને કોઈ મહાનતા કે ઉદારતા દેખાતી નથી. આ ફક્ત એક ઋણ સ્વીકાર છે અને દરેક બાલાસિનોરવાસીઓ જ્યારે જ્યારે ચાન્સ મળે ત્યારે આ ઋણ સ્વીકાર કરતાં જ રહે છે અને કરતાં રહેશે એવી મને ખાતરી છે.

અંતમાં આજના સૌ વિજેતા રમતવીરોને ખુબ ખુબ અભિનંદન તથા અહીં હાજર રહેલાં સૌ મિત્રોનો તથા મારા સગાંવાલાઓનો આભાર અને ખાસ નવયુગ સંધના હોદ્દેદારોનો હું આભારી છું કે જેઓએ આજે મને અહીં આમંત્રણ આપીને મુખ્ય મહેમાન બનવાનો મોકો આપ્યો.

આ પ્રસંગે શ્રી કીરીટભાઈ તરફથી સંસ્થાને રૂા. ૩૫,૦૦૦/-નું માતબર દાનની જાહેરાત શ્રી અસીતભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. આભાર વીધી સહમંત્રી નીતીન પરીખ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી કીરીટભાઈ મોદી તથા તેઓના કુટુંબીજનોના હસ્તે વિજેતા રમતવીરોને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઓપેરા બુકમાં સુધારો

પુસ્તકાલયના દાતાનું નામ શ્રીમતી કુસુમબેન રતીલાલ પરીખ વાંચવું.


**બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક લિ. 'સહકાર ભવન',**

**બાલાસિનોર-૩૮૮ ૨૫૫. ફોન નં:૨૬૬૦૫૮**

**સેઈફ ડીપોઝીટ લોકર્સના બાકી ભાડા અંગે નોટીસ.**

આથી બેન્કમાં સેઈફ ડીપોઝીટ લોકર્સ ભાડે રાખનાર તમામ લોકર્સ ગ્રાહકોને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે જેઓના સેઈફ ડીપોઝીટ લોકર્સના ભાડાની મુદત પુરી થઈ હોય અને જે ગ્રાહકોએ ભાડુ ભરી લોકર ભાડે રાખ્યાનું રીન્યુના કરાવેલ હોય તેમને તા.૩૧-૧-૨૦૦૪ સુધીમાં ભાડુ ભરી બેન્કે ઠરાવ કર્યા પ્રમાઁ તા.૧-૧-૨૦૦૩થી ભાડા પેટે વગર વ્યાજબી ડીપોઝીટ ખાનાઓની સાઈઝ પ્રમાણે નક્કી કરેલ છે તે મુજબ જમા કરાવવાની રહેશે. આ ડીપોઝીટ જમા કરાવ્યા પછી ભાડુ ભરવાનું રહેતુ નથી તો લોકર્સનું બાકી ભાડુ અચુક ભરી ડીપોઝીટ જમા કરાવવા જાણ કરવામાં આવે છે. જે કોઈ લોકર્સ ગ્રાહકનું ભાડું બાકી હશે તેમને લોકર ઓપરેટ કરવા દેવામાં આવશે નહી તથા લોકર્સની ચાવી પરત મેળવવા બેન્ક તમારા ખર્ચે યોગ્ય કાર્યવાહી કરશે જેની ખાસ નોંધ લેવી.

મણીકાન્ત સી. કડકીઆ — મેનેજીંગ ડીરેકટર

ચંદ્રકાન્ત એમ. પટેલ. — ચેરમેન



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

બાલાસિનોર મહિલા વિભાગ આયોજીત એક દિવસીય પીકનીક શુક્રવાર તા.૩૦-૧-૨૦૦૪ના રોજ રાખવામાં આવી હતી. સવારે ૮-૩૦ કલાકે બસ ઉપાડવામાં આવી હતી. સાંજના ૫-૩૦ કલાકે કામત કલબથી નીકળીને ૬-૩૦ કલાકે ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. કામત કલબમાં BRUNCH પર સવારે ઈડલી, સાંભાર, ચટણી, ઉપમા તથા ચા-કોફીને ન્યાય આપી ગેમ રમવામાં બહેનોને ખૂબજ આનંદ આવ્યો. ત્યાર બાજ બપોરે ૨-૦૦ કલાકે લન્ચમાં સૂપ, સ્ટાટર્સથી માંડીને MAIN COURSE ને ન્યાય આપ્યો હતો. જમ્યા પછી ફરી ગેમ્સ રમીને બપોરે ૪-૩૦ કલાકે ચા,કોફી, બીસ્કીટ તથા પાણીપૂરી આરોગીને સૌ બહેનોએ વિદાઈ લીધી હતી.

આગામી કાર્યક્રમ શુક્રવાર તા.૧૩-૦૨-૨૦૦૪ના રોજ કેકનું ડેમોનસ્ટ્રેશન લાડની વાડીમાં બપોરે ૨-૩૦ થી ૫-૩૦ કલાકે રાખવામાં આવ્યું છે જેને માટેરૂા.૫/- ભરી કમીટીની બહેનો પાસેથી પાસ લેવો. જેથી કરીને હાજરીની જાણકારી રહે. સાથે ટાઈમસર આવવું જરૂરી છે.

બીજુ 'રસીયા'નો પ્રોગ્રામ શુક્રવાર તા.૦૫-૦૩-૨૦૦૪ના રોજ લાડની વાડીમાં રાખવામાં આવ્યો છે. જેમાં જીજીની પધરામણી કરવામાં આવશે. રસીયા ગાવાની તથા સાંભળવાની શોખીન બહેનો જરૂરથી આવી રહેજો. પ્રોગ્રામ પછી મુત્તુસ્વામીનો નાસ્તો રાખવામાં આવ્યો છે. તેના માટે રૂા.૨૦/- કોઈપણ કમીટીની બહેનોને આપી પાસ લેવા.

વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના લવાજમના રૂા.૭૦/- તેમજ તમારૂ I - CARD કમીટીની બહેનોને માટે આપી દેવા મહેરબાની.

❑ *લી. રત્ના કડકીયા*
*(સંયોજક વિભાગ)*

✪ ✪ ✪

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૮મી બેઠક સંસ્થાના પ્રમુખશ્રી આંશિત ર. દેસાઈના પ્રમુખપદે તા.૧૯-૧-૨૦૦૪ના સોમવારે સાંજે ૭-૦ કલાકે શ્રી મોહનલાલ સા. શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ)માં મળી હતી.

ગત કાર્યવાહત સમિતીની કાર્યનોધનું વાચન સંસ્થાના સહમંત્રી શ્રી દીલીપ ધારીઆએ વાંચી સંભાળવ્યું હતું. તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યું હતું.

જનતા ફી સહાય સમિતીનો હિસાબ તથા અહેવાલ પસાર કરવામાં આવ્યો હતો. નોટબુક સમિતી તરફથી આવેલ સુચનો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા સંયોજકને આગળ વધવાની સત્તા આપવામાં આવી હતી.

આનંદબજારના પ્રોગ્રામ અંગે સંયોજકે માહીતી આપી હતી. ઉપનગર સમિતીના પ્રોગ્રામની જાણકારી સંયોજકે આપી હતી; પ્રમુખ સ્થાનેથી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. રૂા.૧૦,૦૦૦/-નું ડોનેશન મેડીકલ કેમ્પ માટે શ્રીમતી કુસુમબેન ન. ધારીઆ તરફથી મળ્યું હતું. સંસ્થા તેઓનો તથા તેઓના કુટુંબીજનોનો આભાર માને છે. બાહ્ય રમતગમતના મુખ્ય મહેમાન શ્રી કીરીટભાઈ મો. મોદી (ખાંડીવાળા) તરફથી સંસ્થાને રૂા.૩૫,૦૦૦/-નું માતબર દાન મળેલ છે. સંસ્થા તેઓનો તથા તેઓના કુટુંબીજનોનો આભાર માને છે. તા.૨૨-૧-૦૪ના રોજ નવયુવક સંઘની ક્રિકેટ ટીમ બાલાસિનોર ખાતે ક્રિકેટ રમવા જશે.

સભામાં આજીવન સભ્ય માટેની એક અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓના લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખ શ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

## બાલાસિનોર કોલેજમાં પ્રવૃત્તિ-સપ્તાહ યોજાયું

બાલાસિનોર કોલેજના સાંસ્કૃતિક અને વકતૃત્વ વિભાગોના ઉપક્રમે વિવિધ સ્પર્ધાઓનું સપ્તાહ ઉજવવામાં આવ્યું. પ્રા. ચંપક શાહ અને પ્રા. રજની ભટ્ટના નેતૃત્વ હેઠળ આઠ દિવસોમાં યોજાયેલી ૧૬ સ્પર્ધાઓમાં કુલ ૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધાં. સ્પર્ધાઓમાં હિન્દી-ગુજરાતી વકતૃત્વ, ગીત સ્પર્ધા, એક પાત્રીય અભિનય, સંસ્કૃત શ્લોક ગાન, મેંદી હરીફાઈ, કેશ ગુંથન, વાનગી હરિફાઈ જેવી વિવિધતા રાખી હતી. બન્ને વિભાગોના સમિતિ સભ્યો ઉપરાંત સ્ટાફના અન્ય અધ્યાપકો અને ઓફીસ કર્મચારીઓના સહકારથી કુલ ૫૦ વિજેતાઓ ઈનામપાત્ર બન્યા. અભ્યાસ ઉપરાંત ચાલતી સતત ઈતર પ્રવૃત્તિઓમાં વ્યસ્ત આચાર્ય મુનભાઈ પાઠક દરેક સ્પર્ધામાં હાજર રહી સૌને પ્રોત્સાહિત કરતા હતા. ચાલુ વર્ષે વધેલી સ્પર્ધકોની સંખ્યા વિદ્યાર્થીઓની કુશળતા અને રસવૃત્તિને સૌએ બીરદાવી અભિનંદન આપ્યા હતા.

## અખિલ ભારતીય શ્રી દશા નિમા (વણીક) સમાજ, મુંબઈ
### -: મેરેજ બ્યુરો :-

ઉપરોક્ત સમાજના નેજા હેઠળ અખિલ ભારતીય દશા નીમાના લગ્નત્સુક યુવક-યુવતિઓનો એક પરિચય મેળો રવિવાર તા.૧૪-૩-૨૦૦૪ના દિવસે મુંબઈમાં રાખવામાં આવ્યો છે.

બાલાસિનોરના જે કોઈ લગ્નોત્સુક યુવક-યુવતીઓને આ પરિચય મેળામાં ભાગ લેવો હોય તેઓ ફોર્મ વિ.ની વધુ માહિતી માટે શ્રી નવનીતભાઈ ઉપરાંત શ્રી રજનીકાંત કે. કડકીઆ (ધરિવાલા), શ્રી પ્રવીણભાઈ પરિખ (રોકડીઆ), શ્રી રજનીકાંત કે. કડકીઆ (લટકારી), શ્રી રસીકભાઈ દલાલ તથા પરમાં શ્રી દીલીપ નવનીતલાલ ધારિયા તથા શ્રી વસંત નટવરલાલ દેસાઈ વિ. કમિટિ મેંમ્બરોનો સંપર્ક સાધે.

## બાલાસિનોર કોલેજમાં ભગવદ્ગીતા અને વેદાન્ત ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું.

આર્ટ્સ-કોમર્સ કોલેજ બાલાસિનોરમાં સંસ્કૃત સ્નાતક કક્ષાના આશ્રયે ડૉ. એલ.વી.જોષીનું ''ભગવદ્ગીતા અને વેદાન્ત'' ઉપર મનનીય વ્યાખ્યાન યોજાઈ ગયું ઉપનિષેદો અને વેદ મંત્રોના સન્દર્ભો આપી શ્રી જોષી સાહેબે ભગવદ્ગીતાની વાસ્તવિક ઉપયોગિતા બતાવી હતી. આચાર્ય મનુભાઈ પાઠકે સૌને આવકાર્યા હતા. ઉપપ્રમુખશ્રી મણિકાંતભાઈ કડકીઆએ પ્રવચન માળાનો દીપ પ્રગટાવી પ્રારંભ કર્યો હતો. શ્રી કે.વી. શાહે આવાં વ્યાખ્યાનોની ઉપયોગિતા બતાવી હતી. વિભાગના પ્રા. દિનેશ માછી. પ્રાર્થના કરનાર પ્રા. રજની ભટ્ટ, પ્રા. પ્રજાપતિ અને બીજા કર્મચારી મિત્રો હાજર રહ્યા હતા. પ્રા. જાગૃતિબેન જોષીએ આભાર વિધિ કર્યો હતો. પ્રો. ચંપક શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## બાલાસિનોર કૉલેજ અને ક્રિશ્ના હૉસ્પિટલમાં બ્લડ ડૉનેશન કેમ્પ યોજાયો

બાલાસિનોર આર્ટસ અને કોમર્સ કોલેજ એન. એન. એસ. વિભાગ તથા ક્રિશ્ના હોસ્પિટલ બાલાસિનોરના સંયુક્ત ઉપક્રમે અને પ્રથમ બ્લડ બેન્ક અમદાવાદના સહયોગથી તા-૨૦-૧-૨૦૦૪ના રોજ બાલાસિનોર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે બાલાસિનોર વિદ્યામંડળના ઉપપ્રમુખ મણીકાન્ત કડકીયા તથા મંત્રી કાન્તીકાકા તથા પ્રિન્સીપાલ શ્રી પાઠક સાહેબ તથા ડો.વિમલ પટેલે દીપ પ્રગટાવી કેમ્પની શરૂઆત કરેલ હતી. આ પ્રસંગે રકતદાન વિશે માહીતી તથા તે આપવાથી થતા ફાયદાની સમજ આપવામાં આવી હતી. આચાર્ય શ્રી પાઠક સાહેબ, એન.એસ.એસ. ઈનચાર્ડ ડો. ડી.પી. માછી તથા પ્રો.જે.બી.જોષી તથા પ્રો.ગઢવી તથા પ્રો. ચંપકભાઈ શાહ તથા રજનીભાઈ ભટ્ટ વિગેરે એ આ રક્તદાન શિબિરને સફળ બનાવવા સહયારા પ્રયત્નો કર્યો હતા. ક્રિશ્ના હોસ્પિટલમાં જાણીતા એડવોકેટ શ્રી કનુભાઈ સુથાર તથા એલ.આઈ.સી.ના ડી.ઓ. શ્રી ગીરીશભાઈ મકવાણા તથા ડો.રિતેશ પટેલ વગેરેના પ્રયત્નોથી ક્રિશ્ના હોસ્પિટલમાંથી કુલ ૮૧ બોટલ તથા કોલેજમાંથી ૯૧ બોટલ જેટલું લોહી એકત્ર કરવામાં આવેલ હતું. આ માટે અમદાવાદની જાણીતી બ્લડ બેંક પ્રથમની ટીમ ખડે પગે રહી હતી. અને તેમનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની એક સભા મંગળવાર તા.૨૭-૧-૨૦૦૪ના રોજ સાંજે ૬-૪૫ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસમાં શ્રી નટવરલાલ મગનલાલ કડકીઆના પ્રમુખ સ્થાને મળી હતી.

ગત સભાની કાર્યનોંધનું વાચન મંત્રી શ્રી જતીન દેસાઈએ કર્યું હતું. દાતાઓ કલાબેન પૂનમચંદ દેસાઈ (વકીલ) રૂપીઆ એક લાખ બાલપુષ્ટિ આહાર યોજના માટે અને શ્રી નવીનીતલાલ રમણલાલ કડકીઆ (સારંગી) પરિવાર રૂપિયા અઢી લાખ પી.વી. વિદ્યાલયમાં કોમ્પ્યુટર રૂમ માટે આપ્યા તે બદલ તેમનું સન્માન બાલાસિનોર મુકામે ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં અનુકૂળ તારીખે કરવા નક્કી કરવામાં આવ્યું.

શાખામાં માતૃપિતૃ સમારંભ દ્વારા વાલીઓનો સંપર્ક સાધવામાં આવ્યાની માહિતી સભ્યોને આપી નાસ્તાફંડમાં નીચે મુજબ દાન-વચન મળ્યાં છે.

૧. શ્રી પ્રવીણચંદ્ર રતિલાલ પરીખ-ચાવાળા-૧૧,૦૦૦/-

૨. શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ -૧૧,૦૦૦/-

બે નવા આજીવન સભ્યો નોંધાયા છે.

૧. શ્રી બંકીમ આર. પરીખ

૨. શ્રી ઈન્દુબેન એન. શાહ

બે આજીવન સભ્યોના અવસાનની સખેદ નોંધ લેવામાં આવી. ૧). શ્રી રસિકલાલ ઓચ્છવલાલ કચેરીઆ (વરખા) ૨). શ્રી રમેશચંદ્ર સાંરકલાલ મોદી (ટોટા) આ ઉપરાંત બાલાસિનોરની સામાજિક સંસ્થાઓમાં સેવા આપનાર આર્કિટેકટ બિપીનભાઈ બરાઈના આવસાનની નોંધ લઈ મંત્રીએ લખેલ શોક સંદેશ વાંચી સંભળાવ્યો.૮૦G સર્ટિફિકેટ ૨૦૦૬ સુધીનું આવી ગયું છે.

❑ ***પ્રવીણ દેસાઈ-જતીન દેસાઈ***
***મંત્રીઓ***

## એર એમ્બ્યુલન્સ

શ્રી પરેશ વીનુભાઈ મહેતાના પુત્રને જયારે ગોવામાં અકસ્માત નડયો ત્યારે ઈમરજન્સી ઓપરેશન પછી બીજી કોઈ રીતે મુંબઈ લાવી શકાય એવી શકયતા નહોતી પરંતુ તેઓના સદનસીબે એમને એક એવી એર એમ્બ્યુલન્સ સેવાની જાણ હતી કે જે નાનકડા પ્લેનમાં ICU ની સગવડ ધરાવતી હોય. આ એર એમ્બ્યુલન્સમાં ICU ની બધી સગવડો ઉપરાંત ત્રણ મેડીકલ એસ્કોર્ટ ડોકટરોની સેવા પણ મળે છે. આ એર એમ્બ્યુલનસ નેશનવાઈડ સર્વીસ ધરાવે છે અને અઠવાડીયાના સાતે દિવસ ૨૪ કલાક સેવા માટે તૈયાર હોય છે. જો કે ભાડું ઘણું જ વધુ (લગભગ ૨.૫ થી ૩ લાખ) છે પરંતુ જયારે જીવન મરણનો સવાલ હોય અને પૈસાની સગવડ હોય તો આ એક અનોખી સર્વિસ છે આપ સૌની જાણ માટે વિગત નીચે મુજબ છે જેની નોંધ લેવા વિનંતી.

VIBHA LIFE SAVER (MEDICAL TRASPORT)
AIR AMBULANCE, VIBHA CARE HOME,
OPP IMMACULATE SCHOOL,
BORIVALI (W) MUMBAI 400103
DR.NITIN EMERGENCY HOSPITAL 9821150889
PH.: 28904899 ⁕ 28931225 ⁕ 28953457 ⁕
⁕ 28945236 ⁕

**WEB SITE:** www.vibha.info.

❑ ***તંત્રી***

## મેડીકલ કેમ્પ

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુગ મંડળ મેડીકલ ટ્રસ્ટ તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા ઉપનગર વિભાગમાં ડો.રજત મોદીના આશીષ નર્સીગ હોમ ખાતે મેડીકલ કેમ્પનું આયોજન તા.૧-૨-૦૪ના રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે મુજબનાં ડોકટરોએ પોતાની સેવા આપી હતી. મુખ્ય મહેમાન શ્રી નવનીતભાઈ મુળજીભાઈ ધારીઆએ આ કેમ્પ માટે રૂા.૧૦,૦૦૦/-નું દાન આપ્યું હતું પરંતુ તેઓએ દાન આપનાર કરતાં દાન લેનાર સંસ્થાને વધુ મહાન ગણાવી હતી. આ પ્રસંગે બન્ને સંસ્થાઓના હોદ્દેદારો તથા બન્ને સંસ્થાના સંયોજકો શ્રી મોહનભાઈ પરીખ તથા હેમેન્દ્રભાઈ શાહ હાજર રહ્યા હતાં. લગભગ ૨૫૦ ભાઈ-બહેનોએ કેમ્પમાં ભાગ લઈ તેને સફળ બનાવ્યો હતો.

ડોકટરો:- ડો.રજત મોદી, ડો. દક્ષા રજત મોદી
ડો. આશીષ રજત મોદી,ડો.રાજેશ શાહ
ડો. અતુલ કડકીઆ, ડો. સ્વાતી કડકીઆ
ડો. અમર રાજેશ શાહ, ડો. નીરજ શર્મા

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટબેલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળના અમૃત મહોત્સવ પ્રસંગે કરેલી રજૂઆતના અનુસંધાનમાં મંડળને એકધારી ૫૭ વર્ષ કરતાં વધુ સેવા આપી (હાલમાં નિવૃત્ત થયેલા) તે સમયના પ્રમખ શ્રી કાંતિલાલ ચંદુલાલ મોદી (વીમાવાળા) તરફથી રૂા. ૩૧,૦૦૦/- ન્યાસફંડ રૂપે મળેલ છે.

શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા) તરફથી તેમના માતુશ્રી કમળાબેનની પુણ્યસ્મૃતિમાં કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) ન્યાસફંડ પેટે રૂા. ૧૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) ની રકમ મળેલ છે.

શ્રી જંયતીલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા) તરફથી તેમના પુત્ર ચિ. દિગેષના શુભ લગ્ન નિમિત્તે રૂા. ૧૧,૦૦૦/- ન્યાસફંડ પેટે પ્રાપ્ત થયેલ છે.

ટ્રસ્ટીમંડળના કાર્યકર્તાઓ તેમજ અન્ય ટ્રસ્ટીઓ ઉપર્યુક્ત દાતાઓનો હાર્દિક અભાર માને છે.

*અસીત રમેશચંદ્ર દેસાઈ*
*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*માનદ્ મંત્રીઓઅઁ*

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ ૭૫ વર્ષ તથા ૨૫ વર્ષ ઉજવણી પર્વ પ્રસંગે અમારા કાર્યકર્તા તમારો સંપર્ક કરી ન શકયા હોય અથવા તમારા દાન આપવા માટે ઈચ્છા હોય તો ફૂલ નહીતર ફૂલની પાંખડી આપી મંડળ તથા ટ્રસ્ટને વધુ વળવતર બનાવશો.

❑ *રસીકલાલ આર. કડકીઆ (પ્રમુખ)*

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ઉપર્યુક્ત મંડળની કારોબારીના સભ્યશ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા તરફથી મંડળને ''કુસુમબેન રસિકલાલ તથા રસિકલાલ મણીલાલ લાકડાવાળા પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ'' ના નામે રૂા. ૧૪૦૧૪/-ની રકમ પ્રાપ્ત થયેલ છે. તા. ૩૧.૩.૨૦૦૩ના મંડળના રૂા. ૧૧૧,૧૧૧/-ના ભંડોળમાં આ રકમ ઉમેરતા આ ટ્રસ્ટની કુલ રકમ રૂા. ૧૨૫,૧૨૫/- થાય છે.

શ્રી કેલી નટવરલાલ દેસાઈ તરફથી તેમના માતાપિતાની પુણ્યસ્મૃતિમાં રૂા. ૧૦૦,૦૦૦/-ની રકમ ''શ્રીમતી મધુબેન તથા શ્રી નટવરલાલ ઓચ્છવલાલ દેસાઈ (પેઢીવાલા) ન્યાસફંડ'' પેટેનું વચન પ્રાપ્ત થયેલ છે.

મંડળના સર્વે કાર્યકર્તાઓ તેમજ ટ્રસ્ટીઓ ઉપર્યુક્ત દાતાઓનો હાર્દિક આભાર માને છે.

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

## ૭૫ વર્ષનો ઉજવણી પર્વ પ્રસંગે મળેલા દાન માટેના વચનોની યાદી

–: ડીસેમ્બર ૨૦૦૩ના જયોતિપૂંજમાં આપેલી માહીતી પછી મળેલા:-

૧) **રૂા. ૫,૦૦,૦૦૦/ પાંચ લાખ પુરા.**
શ્રી લીલાધરભાઈ ઓચ્છવલાલ દોશી (કલકત્તાવાળા)

૨) **રૂા. ૨,૫૦,૦૦૦/- બે લાખ પચાસ હજાર પૂરા**
શ્રી જીતુભાઈ મોહનલાલ કડકીઆ (ચકવા)
શ્રી કીષ્ણંકાની કીર્તનલાલ ધારીઆ (કે.કે.)

૩) **રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ પુરા**
શ્રીમતી મજુંલાબેન કાંતીલાલ લ. કડકીઆ
શ્રીમતી સ્મીતાબેન ગીરીશકુમાર ઓ. મોદી (કારકુન)
શ્રીમતી જયોતિબેન પંકજકુમાર બાબુલાલ પરીખ
શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી)
શ્રીમતી લલીતાબેન મોજીલાલ છોટાલાલ ધારીઆ
શ્રી ડો. હરેન સાકરલાલ ગાંધી (કલકત્તાવાળા)
શ્રીમતી શાંતાબેન જમનાદાસ ગાંધી (ડો. કીરણ)
શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા)
શ્રી નવીનચંદ્ર રમણલાલ કચેરીઆ
શ્રીમતી ચંદનબેન ભીખાલાલ છો-દોશી
શ્રી કીર્તનલાલ મોહનલાલ શાહ (મલમ)

૪) **રૂા. ૫૧,૦૦૦/- એકાવન હજાર પૂરા**
શ્રી શૈલેશભાઈ નટવરલાલ કડકીઆ (ધંગેલા)
શ્રીમતી તારાબેન મગનલાલ શાહ (ગુંથરીવાળા)
શ્રીમતી તારાબેન નટવરલાલ દેસાઈ (રોજવાવાળા)
શ્રી હસમુખભાઈ ઓચ્છવલાલ ધારીઆ (સુરતવાળા)
શ્રી ગીરીશકુમાર દીનકરલાલ પરીખ (ચાવાળા)
શ્રી નટવરલાલ સાંકરલાલ શાહ (ઝાટ)
શ્રી ડો. નટવરલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)
શ્રી બાબુલાલ તથા મનહરલાલ ચુનીલાલ કડકીઆ(મલમ)

૫) **રૂા.૩૩,૦૦૦/-** મેસર્સ કડકીઆ ટ્રેડીંગ કો.

૬) **રૂા. ૩૧,૦૦૦/-** શ્રી પ્રવીણચંદ્ર ચંદુલાલ કડકીઆ (ખીસાદાર)

૭) **રૂા. ૨૫,૦૦૦/-** મેસર્સ બી.જી. એન્ટર/મે.એન.પી.એન્ટર
રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી જીવકોરબેન ચીમનલાલ પરીખ (રાઠોડીયા)
રૂા. ૨૫,૦૦૦/- શ્રી નવનીતલાલ ચુનાલીલ ધારીઆ (દલાલ)
રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી તારાબેન કીર્તનલાલ મહેકા (ધરીવાળા)
રૂા.૨૫,૦૦૦/- શ્રીમતી કલાબેન પુનમચંદ છો.દેસાઈ (વકીલ)
રૂા. ૨૫,૦૦૦/- શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ કડકીઆ
રૂા. ૨૫,૦૦૦/- શ્રી મણીલાલ લલ્લુભાઈ શાહ (હાથી ખાનાવાળા)

૮) **રૂા. ૨૨,૦૦૦/-** કીરીટકુમાર મુળજીભાઈ મોદી (શહેરવાળા)
રૂા.૨૨,૦૦૦/- મે.આર.જયેશકુમાર એન્ડ કું.
રૂા.૨૨,૦૦૦/- શ્રીમતી સાવીત્રીબેન નટવરલાલ દેસાઈ
રૂા.૨૨,૦૦૦/- શ્રી મોહનલાલ સાંકરલાલ મોદી (ખાડાવાળા)

૯) **રૂા.૧૫,૦૦૦/-** શ્રીમતી કલ્પનાબેન ર. પારેખ (લહ્વાપારેખ)

૧૦) **રૂા.૧૨,૫૦૦/-** શ્રીમતી તારાબેન શાંતીલાલ કડકીઆ

૧૧) **રૂા.૧૧,૧૧૧/-** શ્રીમતી શર્મીલાબેન નવીચંદ્ર મોદી (બોજાવાળા)
રૂા.૧૧,૧૧૧/- શ્રીમતી મીનાશ્રીબેન મંગલદાસ મોદી (શહેરાવાળા)

૧૨) **રૂા.૧૧,૦૦૦/-** શ્રીમતી ચંદનબેન રમણલાલ દેસાઈ (ડો.ચંદ્રકાન્ત)
રૂા.૧૧,૦૦૦/- મે.ડીપ્નલવાલ્વ એન્ડ ટયુબેસ્ટોસ કંપની
રૂા.૧૧,૦૦૦/- શ્રી કાંતીલાલ મગનલાલ પરીખ (માછલી)
રૂા.૧૧,૦૦૦/- શ્રી હેમંતકુમાર નટવરલાલ દેસાઈ

રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી કુસુમબેન નવનીતલાલ શાહ (ઓહણી)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમનહરલાલ મોજીલાલ પરીખ (વકીલ)
રૂા.૧૧,૦૦૦/- શ્રી કનુભાઈ હરજીવનદાસ ગાંધી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી કપીલાબેન રમણીકલાલ મોદી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી કુમુદબેન બીપીનભાઈ દેસાઈ
રૂા.૧૧,૦૦૦/- શ્રી જયંતિલાલ મોજીલાલ મોદી
રૂા.૧૧,૦૦૦/- શ્રી નટવરલાલ મગનલાલ કડકીઆ (લટકારી)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી હસુમતીબેન રજનીકાંત ર. પરીખ (પુનાગઢવાળા)
રૂા.૧૧,૦૦૦/- શ્રી વસંત કાંતીલાલ મોદી (વિમાવાળા)
રૂા.૧૧,૦૦૦/- શ્રી જયંતિલાલ છગનલાલ કડકીઆ (વલ્લભઘેલા)
રૂા.૧૧,૦૦૦/- શ્રી અનીશ કીરીટકુમાર પરીખ (ગવારનીદાળ)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી મજુંલાબેન નવનીતલાલ ઓ.ધારીઆ (દાઉદીયા)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી રશ્મીકાબેન સુરેશચંદ્ર ર. પરીખ (લટ્ઠાપારેખ)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી કુસુમબેન રસીકલાલ પુ.પરીખ (સમધાની)
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી પુર્ણીમાબેન ચંદ્રકાંત કડકીઆ
રૂા.૧૧,૦૦૦/- શ્રી જયંતીલાલ લલ્લુભાઈ કડકીઆ (હાલોલવાળા)
રૂા.૧૧,૦૦૦/- શ્રી રજનીકાંત તીમનલાલ ચોકસી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી મીરાબેન ચંદ્રકાંન્ત ર.દોશી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન બાબુલાલ દેસાઈ
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી ચંદનબેન મુળજીભાઈ મોદી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમુળજીભાઈ ચંદુલાલ મોદી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી અંવતીકાબેન કીરીટકુમાર મોદી
રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી સ્નેહલતાબેન જશંવતલાલ મોદી (ડોકટર)
રૂા.૧૧,૦૦૦/- શ્રી જયંતિલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા)
રૂા.૧૧,૦૦૦/- શ્રી ચંદ્રકાન્ત મોહનલાલ ધારીઆ
રૂા.૧૧,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર ચીમનલાલ ધારીઆ

૧૩) **રૂા.૫,૦૦૦/-** શ્રીમતી સુમનબેન બાબુલાલ ધારીઆ
રૂા.૫,૦૦૦/- મેસર્સ મધુસુધન અન્ડ કુંપની
રૂા.૫,૦૦૦/- મેસર્સ બીલગ્રીન કૉમ. કૉરપોરેશન
રૂા.૫,૦૦૦/- શ્રીમતી તારાબેન ભીખાલાલ મોદી (ફુમતી)
રૂા.૫,૦૦૦/- શ્રી દીનેશકુમાર નટવરલાલ કડકીઆ (લટકારી)
રૂા.૫,૦૦૦/- શ્રી જયેન્દ્રકુમાર વલ્લભદાસ ગાંધી
રૂા.૫,૦૦૦/- શ્રી પંકજકુમાર ઓચ્છવલાલ મોદી
રૂા.૨,૫૦૦/- શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ ગાંધી
રૂા.૨,૫૦૦/- શ્રી દીનકરલાલ કોદકલાલ પરીખ (કોદરઝવેર)

(આ ઉપરાંત કોઈનું નામ જો શરત ચુકથી રહી ગયું હોય તો અથવા નામ લખવામાં ભુલ થઈ હોય તો ધ્યાન દોરવું)

❑ ***શ્રી જજાન ન. દેસાઈ***
❑ ***શ્રી યોગેશ ર. ધારીઆ***
***(માનદ્ મંત્રીઓ)***

## "DONATIONS PROMISED /RECEIVED ON MARRIAGE OCCASION"

| Father / Donor's Name | Bride / Groom's Name | Marriage Dt | Donation Amt |
|---|---|---|---|
| Shri Krushnakant k. Dharia | Alok (Groom) | 18-12-03 | 50,000/- |
| Shri Jayantilal Mojilal Shah(Khadgodharawala) | Digesh (Groom) | 18-01-04 | 22,000/- |

અમને જણાવતાં આનંદ થાય છે કે મંડળના અમૃત મહોત્સવ પ્રસંગે થયેલ રજૂઆતના અનુસંધાનમાં ''બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ''ને આકરણી વિભાગ તરફથી માન્યતા તેમજ ૮૦-G સર્ટિફિકેટ મળી જતા ઉપયુર્કત ટ્રસ્ટ કાર્યરત થઈ ચૂકેલ છે. (આ અંગે વધુ અહેવાલ અન્યત્ર રજૂ કરવામાં આવેલ છે)

જ્ઞાતિના ભાઈ-બહેનો તેમજ સખાવતી દાતાઓને આની નોંધ લેવા વિનંતી.

***અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***

## બાલાસિનોર કોલેજમાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો

કોલેજના સંસ્કૃત અને અંગ્રેજી વિભાગના ટી.વાય.બી.એ.ના ૫૦ વિદ્યાર્થીઓએ વિભાગના અધ્યાપકો સાથે શ્રીનાથ-ઉદયપુરનો શૈક્ષણિક પ્રવાસ કર્યો. શ્રીનાથજી દર્શન ઉપરાંત કાંકરોલી-ચારભૂજા-હલ્દીઘાટી યુદ્ધ ભૂમિની મુલાકાત લઈ માહિતી મેળવી. ઉદેપુરમાં આવેલાં ઐતિહાસિક સ્થળોએ ફરી ભૂતકાળની સ્મૃતિઓ સંપન્ન કરી. પ્રવાસથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત થાય છે તેવી લાગણી સૌએ અનુભવી.

## શ્રી વાડાસિનોર દશાનીમાં નવયુવક મંડળ સંચાલિત
## શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા)
## પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા
## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત
## શ્રી બાલાસિનોર પ્રગતિ મંડળ આર્થિક રાહત યોજના

ઉપરોક્ત સંસ્થાના સહયોગથી આ વર્ષે અન્ન સહાય તથા આર્થિક રાહત લેતા કુટુંબીજનોએ તા.૨૦-૨-૨૦૦૪ સુધી પોતાના ફોર્મસ સંપૂર્ણ વિગતવાર ભરીને નીચેના સ્થળે આપી જવા.

૧). શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય, કાલબાદેવી. મુંબઈ-૨
૨). શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ, મેડીકલ ટ્રસ્ટ, મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ-૭
૩). શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી), સુરેન્દ્ર ટ્રેડીંગ કું., નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુબઈ-૩
૪) શ્રી મણિકાંત છોટાલાલ કડકીઆ, બજાર, બાલાસિનોર

આ વર્ષે રાહત માટે વર્ષ એપ્રીલ ૨૦૦૪ થી માર્ચ ૨૦૦૫ સુધીનું રહેશે.
દરેકે મંડળ-સમાજનાં ફોર્મસ સાથે મળીને ભરવાનાં રહેશે.

***કન્વીનર :- શ્રી કીર્તીભાઈ દેસાઈ (દેડકી)***
***શ્રી ઉર્વીશ રસિકલાલ મોદી (દેવ).***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) બાબુલાલ ચીમનલાલ ધારીઆ (ધરીઆ બાપજી)
ગોકુલ રીફાઈનરી એફ.,એ/બ્લોક ૦૦૨
ગોકુલ કોમ્પલેક્ષ, કાંદીવલી (ઈ), મુંબઈ-૧૦૧

૨) સુરેશ એલ. પરીખ મો: ૩૪૩૪૮૭૭૭
અરુણા એસ. પરીખ મો: ૯૮૨૦૫૮૪૨૪૩
૧૦૧, ફેન્ક વીલા, એન.પી. ઠક્કર માર્ગ,
રાજપુરીયા બાગની સામે, વીલેપાર્લે (ઈ) મુંબઈ-૫૭
ફોન નં.(ઘ)૨૬૧૨૮૬૫૯(ઓ)૨૩૦૯૮૭૬૦

૩) રાહુલ શ્રીકાન્ત ધારીઆ
બેલા રાહુલ ધારીઆ,૯૦૩, ગોલ્ડન રેયઝ,
સી.૩૩-એ, શાસ્ત્રી નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ
અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮
ફોન નં.૨૬૩૦૨૩૭૯/૨૦૫૬૩૦૨૩

૪) સંજય ચંદ્રકાન્ત મોદી
ઘાસવાલા ટાવર કો. હો. સો. લી.,
ઓફ લેમીંગ્ટન રોડ, ડો. પી.જી. સોલંકી પંથ,
મીનરવા સીનેમાની બાજુમાં, નવજીવન સોસાયટીની સામે,
તારદેવ મુંબઈ-૪૦૦૦૦૭
ફો નં.૨૩૦૦૧૮૫૬ (મો)૩૩૪૫૨૧૫૯

૫) અર્પુવ ગીરીશ પરીખ
જશ્મીન અર્પૂવ પરીખ, ૧૦૬, ઓચાર્રડ મેડોર્સ ડ્રાઈવ,
સાઉથ યુનીયન, ન્યુ જરર્શી ૦૭૦૮૩
ફોન નં.(ઘ) ૯૦૮/૬૮૬/૦૭૩૨
(ઓ)૯૭૩/૮૦૨/૪૮૯૬(મો)૯૭૩/૨૨૦/૧૭૪૯

૬) દીલીપ એન. ધારીઆ
વ્રજેશ એપાન્ટમેન્ટ, ફ્લેટ નં.૪૨૩, ૪થેમાળે,
ભાદરન નગર, રોડ નં.૨, મલાડ (વે) મુંબઈ-૬૪

## નવા ફોન નંબર

૧) પરેશ મણીલાલ ગાંધી
મોબાઈલ: ૩૮૭૨૪૫૩૩

૨) અશ્વિન કાંતિલાલ ધારીઆ
મોબાઈલ:૯૮૨૦૯૨૧૦૩૭/૨૩૫૨૫૯૫૭

૩) કુસુમબેન મોહનલાલ ધારીઆ (કંસારા)
ફોન નં.૨૮૭૭૨૬૯૮

૪) મુકેશ રમણલાલ પરીખ
ફોન નં. ૩૦૯૧૦૭૬૪

૮) સાવિત્રીબેન નવનીતલાલ પરીખ

૯) મલ્લીકા નવનીતલાલ પરીખ
મોબાઈલ : ૯૮૬૯૨૬૧૫૦૮

## શુભ લગ્ન

૧) ચી. ખ્યાતિ ચેતન ધારીયા (દાઉદીઆ)

૨) ચી. દેવાંગ દીનેશચંદ્ર બાબુલાલ દેસાઈ


## અભિનંદન

શ્રી સુરેન્દ્ર રમણલાલ દેસાઈએ ''તારી આખંનો અફીણી તારા બોલનો બંધાણી'' ગીત ગાઈને સારેગમ સ્પર્ધા ૨૦૦૩માં ત્રીજું પારીતોષીક મેળવ્યું હતું. સુરેન્દ્રભાઈને સંસ્થાવતી અભિનંદન

## મૃત્યુ નોંધ :-

૧) રજનીકાંત મણિલાલ ગાંધી (ઊમર વર્ષ ૬૮)

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં WINDOWS, MSDOS, MS OFFICE, INTERNET અને EMAIL શીખવાડવામાં આવશે.

આ પ્રવૃત્તિ માટે નીચે મુજબ જણાવેલ સંસ્થાઓ સાથે મળીને આનો લાભ દરેક મુંબઈ તથા પરામાં રહેતા લોકોને આપવાનું વિચાર્યું છે.

1) Software academi - Parekh Wadi, Mumbai - 400 004 Tel : 23814915

2) Kesar Computer Classes - Malad (W), Ph : 28811231

3) Plus Point Infotech (P) Ltd. ના સેન્ટરો

| | | | |
|---|---|---|---|
| Kandivali (w) | ✆ : 2884 1151 | | ✆ : 2885 6174 |
| Dahisar (E) | ✆ : 2894 0919 | Virar (W) | ✆ : 95250-2510193 |

Sterlite Foundation ના સેન્ટરો

| | | |
|---|---|---|
| (1) Andheri (W) | (2) Bhayander (W) | (3) Dombivali (E) |
| (4) Dahisar | (5) Goregaon (W) | (6) Lower Parel |
| (7) Mira Road (E) | (8) Marine Line | (9) Matunga(E) CR |
| (10) Sion | (11) Vile Parle (E) | (12) Worli |
| (13) Worli (Sea Face) | | |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે, ફોર્મની સાથે રૂા. ૭૫૦/- રોકડા અથવા ચેક અને એક ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૫૦૦/- ચેકથી પાછા આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) તથા પ્રમુખશ્રી અસીત દેસાઈ (Impex Agency) - Nagdevi થી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે સંયોજક સમીર જ. ગાંધીનો સંપર્ક સાધવો.

**Samir Jayendra Gandhi**

**Tel : (O) 22060294 / 22038077 (R) 23879098**

Nikoshi Trading Co., Room No. 12/5 1st floor, Carmellos building,
63/67 Pathak wadi, Lohar Chawl, Mumbai - 400 002.

*મંત્રી - પ્રદીપ કડકીયા, સંયોજક : સમીર ગાંધી*